

# સનાતન સારથિ ગુજરાતી

ડીસેમ્બર-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦.૦૦
છુટક અંક ની કિંમત રૂ. ૧૦.૦૦



# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**


**શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ ગુજરાત વતી અને પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**

મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧ ■ અંક ૩૩૯/૧૨**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઈન ટ્રાન્સફર માટેની વિગતઃ
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
HDFC Bank
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : 50100368052762
IFSC Code : HDFC0004819
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઈ આરોહ, એ-૫, કોમરેડ્સ્ કોલોની,
સાઈ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com



**અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી.**
**– તંત્રી : સતીશ એમ. બોકીલ**



**સનાતન સારથિ દરમહિનાની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**


શૈક્ષણિક વિષયોમાં સ્પેશ્યલાઈઝેશનને બદલે, વ્યાવસાયિક અને કામધંધાને લગતા વિષયો / હેતુઓ પરત્વે તાલીમ આપવા ઉપર વધુ ભાર મૂકાવો જોઈએ. સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટમાં, વિદ્યાર્થીઓને આખો દિવસ કાર્યરત રાખવામાં આવે છે જેથી તેઓનો સમય સદઉપયોગી અને એક ચોક્કસ હેતુ અર્થે વ્યતિત થાય છે. તેઓ શિસ્તસભર અને નિયમબદ્ધ જીવન જીવે છે. તેઓ જ્યારે પણ ઈન્સ્ટીટ્યુટ છોડીને બહાર જાય ત્યારે, તેમણે ઈન્સ્ટીટ્યુટ ખાતે જે કાંઈ ઉચ્ચ આદર્શો અને સદવર્તણૂકના પાઠ શિખ્યા હોય, તેને અનુરૂપ જ જીવન જીવવું જોઈએ. તેઓ જ્યાં જાય ત્યાં એક આદર્શ નમુનારૂપ બનીને રહેવું જોઈએ. આદરપાત્ર અને લાયક એવું જીવન જીવવું જોઈએ અને તેમની આસપાસના વિશ્વમાં-સમાજમાં, ધર્માદેશ આચરિત જીવન જીવી બતાવીને, પરિવર્તન આણવું જોઈએ. તમારા સૌ માટે આજ મારા આશિર્વાદ છે.

– ભગવાન શ્રી સત્ય સાઈ બાબા

## અનુક્રમણિકા...


| પા.નં. | |
|---|---|
| ૪ | **સદૈવ ભગવદ્ મનન – ચિંતન – કરતાં રહો** <br> અવતાર વાણી |
| ૭ | **ભગવાનના ૯૬માં જન્મદિનની ઉજવણીઓ** |
| ૧૨ | **શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગ (SSSIHL) નો ૪૦મો વાર્ષિક દીક્ષાંત સમારોહ** |
| ૧૫ | **પરીક્ષિતનો રાજ્યાભિષેક** <br> ભાગવત વાહિની - પ્રકરણ ૧૩ |
| ૧૮ | **ક્રિસમસનો અર્થ** <br> ભગવાનનો ક્રિસમસ સંદેશ |
| ૨૧ | **દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો** <br> રાણી સુબ્રમણ્યમ્ |
| ૨૫ | **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના અનુભવો** <br> જ્યોત્સના રેડ્ડી |
| ૨૮ | **ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના મારા અનુભવો** <br> ડૉ. ગોતેતી સરસ્વતી |
| ૩૨ | **પ્રશાંતિ નિલયમ ખાતેની ઉજવણી-અહેવાલ** |



Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.ssssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.ssbalvikas.in

### અવતાર વાણી

# સદૈવ ભગવદ્ મનન - ચિંતન - કરતાં રહો

## વિશ્વની પ્રત્યેક વસ્તુ દિવ્ય છે

આ વિલક્ષણ વિશ્વમાં એકેએક વસ્તુ બદલાતી રહે છે. તે પસાર થતાં વાદળાં જેવી હંગામી છે. બીજી જ પળે શું થશે તે કોઈને ખબર નથી. પૃથ્વી ઉપર માનવીની જિંદગી પણ પરિવર્તનશીલ છે, તે બાલ્યકાળથી યુવાની અને વૃદ્ધાવસ્થા સુધી બદલાતી રહે છે. આ એકેએક તબક્કો એક મધ્યાંતર, પસાર થતો તબક્કો છે. નોકરી, સમૃદ્ધિ અને પદ પણ બદલાય છે. હકીકતમાં, પૈસા માનવીનાં જીવનને અપવિત્ર બનાવે છે કેમ કે પૈસા ભેગા થવાની સાથે સાથે અહંકાર અને તોછડાઈ પણ વધવા માંડે છે. જ્યારે મનુષ્ય પાસે કશી સમૃદ્ધિ હોતી નથી ત્યારે તેનામાં તેટલો બધો અહંકાર હોતો નથી.

**જગત ક્ષણિક, જગદીશ્વર શાશ્વત.**

તમામ દુન્યવી સંબંધો પણ પરિવર્તન પામે છે. પતિ-પત્નીનો સંબંધ પણ હંગામી છે. શરૂઆતમાં તેઓ બંને સાથે નહોતાં અને દુનિયા છોડીને જશે ત્યારે પણ સાથે હશે નહીં. થોડાં સમય માટે બંનેને સાથે ભેગા રાખનારો તો સમય અને ભાગ્ય છે. પરંતુ, સત્ય અને પ્રેમ કાયમી અને દિવ્ય છે. સત્ય ઈશ્વર છે, પ્રેમ ઈશ્વર છે. પ્રેમમય જીવન જીવો. મનુષ્યમાં પ્રેમ સ્વયં તેને પ્રગટ કરે છે અને બધામાં ઈશ્વરનું અસ્તિત્વ છે તેની પ્રતીતિ કરાવે છે. ઈશ્વર જ કાયમી અને શાશ્વત છે. સૃષ્ટિ પૂર્વે પણ ભગવાન હતા જ. તેઓ ચેતનારૂપે સૃષ્ટિમાં ઊર્જાના સ્રોત હતા. આનો પુરાવો વેદો દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે. ભારતે આ દિવ્ય જ્ઞાન-ડહાપણ-માં વિશ્વને ભાગીદાર બનાવવાનું છે.

ભારતની પાવન ધરામાં મનોનિગ્રહ વાસ્તવિક સૌંદર્ય છે. સર્વે રીતિ-રિવાજોમાં સત્યનિષ્ઠા જ મહાન તપ છે. આ દેશમાં, મધુર ભાવના પોતાની મા પ્રત્યેની પ્રેમની ભાવના છે. આ મહાન સંસ્કૃતિના મૂળભૂત સિદ્ધાંતોને લોકો વીસરી ગયા છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ કરવા માંડ્યા છે. જેમ એક બળવાન હાથી પોતાની તાકાતને જાણતો નથી તેમ ભારતીયો તેમના ભારતીય વારસાની મહાનતાને પિછાણતાં નથી (તેલુગુ કાવ્ય).

ભારતીયો વિદેશનું અનુકરણ કરે છે તે એક કમનસીબી છે. જેમ એક મહાવતના આદેશ મુજબ હાથી વર્તન કરે છે તેમ તેઓ આંધળુ અનુકરણ કરે છે અને તેઓ પોતાની શક્તિને જાણતાં જ નથી. ભારત સર્વોચ્ચ આધ્યાત્મિકતાની અવનિ છે, પરંતુ આધુનિક શિક્ષણ અને સંસ્કૃતિને કારણે તમામ સદ્‌ગુણોની ઓટ જોવા મળે છે.

**દરેક બાબતમાં પ્રથમ ભગવાનનો વિચાર કરો.**

પ્રાચીનકાલમાં ભારતીયો ભગવાનનું ચિંતન કરતાં હતાં અને ગૃહનિર્માણ, લગ્ન કાર્યો અને અન્ય ધાર્મિક ક્રિયાઓ જેવા શુભ પ્રસંગોએ પણ સૌ પ્રથમ ભગવાનનું ચિંતન કરતાં હતા. પરંતુ, દુર્ભાગ્યે ક્ષણભંગુર જગતને કાયમી ગણીને, ભારતના લોકો દુન્યવી મોજ-મસ્તીમાં રહીને, સમગ્ર સૃષ્ટિના મૂળ પાયાને જ ભૂલી ગયા છે. મનુષ્યે સવારે પથારીમાંથી ઊઠતા રાત્રે નિદ્રા માણવા સુધી દરેક બાબતમાં ભગવાન વિશે વિચાર કરવો જોઈએ. આધ્યાત્મિકતાનો અર્થ આંખો બંધ કરીને એકાંતમાં બેસવાનો નથી. સમગ્ર માનવજાતિની એકતાનો અનુભવ કરવો એ ખરી આધ્યાત્મિકતા છે.

કૌરવો અને પાંડવોનું ઉદાહરણ આ સત્યનું નિદર્શન કરે છે. ભગવાન જ સર્વ કાંઈ છે એવુ પાંડવો માનતા હતા અને ધાર્મિક કાર્યો કરતાં તથા સત્યને વળગી રહેતા હતા. તેઓ હંમેશાં પ્રથમ

ભગવાન, પછી દુનિયા અને છેલ્લે પોતાનું વિચારતા હતા. તેમને માટે દરેક બાબતમાં ભગવાન પ્રથમ હતા અને તેઓ એવું માનતા હતા કે દરેક બાબત કૃષ્ણની મરજીથી જ થાય છે. અર્જુનને કૃષ્ણમાં પૂર્ણ શ્રદ્ધા હતી અને તેમને જ એક માત્ર શરણ માનતો હતો, પરંતુ કૌરવોની વિચારસરણી પાંડવો કરતાં તદ્દન ઊલટી હતી. તેઓ પ્રથમ પોતાનું, પછી દુનિયા અને છેલ્લે ભગવાનનું વિચારતા હતા. તેમના વિચારો અને કાર્યો અસત્ય અને અધર્મ ઉપર આધારિત હતા. મહાભારત-યુદ્ધમાં પાંડવો દ્વારા તેમના પરાજયનું કારણ પણ આ જ હતું. મહાભારતની કથા આપણને ઉપદેશ આપે છે કે ફક્ત સત્ય અને ધર્મ જ મનુષ્યને સફળતા અને વિજય પ્રતિ દોરી જાય છે.

**સાચું સુખ સમાજ-સેવામાં છે.**

ભગવાને મનુષ્યને ધાર્મિક કાર્યો અને અન્યોની સેવા કરવા માટે મનુષ્ય શરીર આપ્યું છે. તેથી, મનુષ્યે ધર્મના માર્ગનું અનુસરણ કરવું જોઈએ અને સમાજની સેવા કરવી જોઈએ. જેમ એક લોખંડનુ મશીન ઉપયોગ વિના કાટ ખાઈ જાય છે તેમ શરીર, કાર્ય વિના સુસ્ત બની જાય છે. મનુષ્યે ઉમદા કાર્યો હાથ ધરવા અને તેનાં જીવનમાં મોક્ષ પ્રાપ્ત કરવા શરીરનો ઉપયોગ કરવો જોઈએ. મનુષ્યે હંમેશાં એ જ માનવાનું છે કે તેનું સુખ સમાજની સુખાકારી ઉપર રહેલું છે. માનવજીવનની મુક્તિ માટે સાઈ હંમેશાં ભક્તિ અને જ્ઞાન(ડહાપણ)ની આપણને ભલામણ કરે છે.

સાઈનું નામ શેનો નિર્દેશ કરે છે? સાઈ (SAI) શબ્દમાં એસ (S) એટલે સેવા(Service- સર્વિસ), એ (A) એટલે ભક્તિભાવ (Adoration-એડોરેશન) અને આઈ (I) એટલે પ્રકાશ (Illumination-ઈલ્યુમિનેશન). માટે મનુષ્યે આ સદ્દગુણો કેળવવાં જોઈએ અને તેને આધારિત જીવન જીવવું જોઈએ. મનુષ્યે તેનો જન્મ-આ સદ્દગુણો આધારિત કર્મો કરવાં અને તેની જિંદગીને સાર્થક બનાવવામાં ઉપયોગ કરવો જોઈએ. પરંતુ, આજે ઘણાં લોકો વિચારે છે કે સમાજ માટે કશું પણ કર્યા વિના ખાઈ, પીને દુન્યવી સુખોમાં જ રહીએ તો નસીબદાર ગણાઈએ. આ બાબત અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

કર્મ એ માનવ જીવનનો આધાર છે. કર્મોને કારણે માનવી જન્મે છે, કર્મોમાં જ ઉછરે છે અને તેનાં કર્મોને આધારે જ બીજો જન્મ ધારણ કરે છે. માનવીના સુખ અને દુઃખ તેનાં કર્મોનું પરિણામ હોવા છતાં, તે કમનસીબે તેને સમજતો નથી અને બિન-ધાર્મિક કૃત્યો કર્યા કરે છે તથા તેની ફરજો સુપેરે બજાવતો નથી. માનવી-સુખને માત્ર તેના કર્મો દ્વારા જ પ્રાપ્ત કરી શકે છે, તેથી મનુષ્યે સત્કાર્યો કરવા જોઈએ અને સમાજની સેવા કરવી જોઈએ. આવી રીતે તે સાચું સુખ પ્રાપ્ત કરી શકે છે. ભારતીયો પ્રાચીનકાલથી અન્યોની સેવા કરીને જ સુખ પ્રાપ્ત કરતા હતા. હકીકતમાં, ભગવાને મનુષ્યને આ દેહ સમાજની સેવા કરવા માટે જ પ્રદાન કર્યો છે. તેથી, તેણે આ દેહનો આવી પાવન રીતે ઉપયોગ કરવો જોઈએ. મનુષ્ય જે કંઈ કર્મો કરે છે તેના ફળો પ્રતિક્રિયા, પ્રતિબિંબ અને પ્રતિધ્વનિનાં રૂપમાં પરત આવે છે. સેવાનાં ઉમદા કાર્યો કર્તાને લાભ આપે છે તેમ વ્યક્તિએ પોતાને ખાતર પણ સેવા કરવી જોઈએ. સેવા વિનાનું જીવન એ જીવતું-જાગતું મોત છે!

સઘળી સૃષ્ટિ ભગવાનનો ઉપહાર છે. તેઓ જ સૃષ્ટિના પ્રથમ કારણ છે. સૃષ્ટિમાંની દરેક વસ્તુ દિવ્ય છે; તમામ લોકો ભગવાનના બાળકો છે. ભગવાન સર્જનહાર હોવાથી મનુષ્યે સદૈવ તેમનો જ વિચાર કરવો જોઈએ. ભગવાનમાં દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ, પરંતુ આજે તેણે ભગવાનમાં શ્રદ્ધા ગુમાવી દીધી છે. છતાં, જ્યારે તેની આકાંક્ષાની પૂર્તિ થતી નથી ત્યારે તે ભગવાનને દોષ દે છે. ભગવાન સાક્ષી છે. તેઓ ફક્ત આનંદ અર્પે છે કેમ કે તેઓ આનંદ સ્વરૂપ છે. મનુષ્ય જાતે જ દુઃખ ઊભાં કરે છે કેમ કે તે તેનાં જ કર્મોનું ફળ છે. જો તે કડવાં

બીજ રોપશે તો મધુર ફળ કેવી રીતે ઊગશે? તેના દુઃખ માટે ભગવાનને દોષ દે છે તે મનુષ્યની નબળાઈની નિશાની છે. કૌરવો તેમની કંગાલિયત માટે કૃષ્ણ ઉપર દોષારોપણ કરતાં તે તેમની નબળાઈને કારણે હતું. ભગવાન તેમના ભક્તોને ખુશ રાખવા, હકીકતમાં, પોતાની ઉપર દુઃખ લઈ લે છે. ભગવાન એવાં કાર્યો કરે છે જેનો મનુષ્ય વિચાર કરી શકે તેમ નથી. ભગવાન મનુષ્ય માટે શું કરી શકે છે તેનાથી તે અજ્ઞાત જ છે. (....વધુ આવતા અંકે..)

**(તા. ૧૫મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન)**

# ભગવાનની ૯૬ માં જન્મોત્સવની ઉજવણીનો અહેવાલ

ભગવાન શ્રી સત્ય સાઇબાબાના ૯૬માં જન્મોતસવની ઉજવણીનો રાજ્ય સ્તરીય અહેવાલ. આપ સૌ સામે પ્રસ્તુત કરતા હું આનંદની લાગણી અનુભવું છું.

૧. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ કોરોનાની મહામારી હોવા છતાં દિવાળી અને ગુજરાતના નૂતનવર્ષ શુભારંભ નિમિત્તે, પ્રશાંતિનિલયમ ખાતે બંન્ને દિવસ કુલવંત હોલ અને ભગવાન બાબાની સમાધિ પર ફુલોનું ડેકોરેશન તેમજ પ્રસાદ વિતરણ, આપણા ગુજરાત સંગઠન દ્વારા કરવામાં આવ્યું.

૨. તા. ૧૩ અને ૧૪ નવેમ્બર ૨૦૨૧ દરમ્યાન યોજાયેલ ગ્લોબલ અખંડ ભજન માટે ગુજરાત રાજ્યના ભજનગાયકો ના ભજનોનું વિડીયો રેકોર્ડીંગ મોકલાવેલ હતું. જેનું પ્રસારણ પ્રશાંતિ નિલયમ ખાતે, અન્ય રાજ્યાના આવેલ રેકોર્ડીંગ સાથે કરવામાં આવ્યું હતું.

૩. **આધ્યત્મિક પાંખની પ્રવૃત્તિનો અહેવાલ :-**

અ) ભગવાનના ૯૬માં જન્મોત્સવની ઉજવણી નિમિત્તે સમગ્ર ગુજરાતમાંથી સતત ૯૬ દિવસ સુધી ૩૫૮ ભક્તોએ શ્રી રૂદ્રમ્ (વેદમંત્રો) નું ચેન્ટીંગ (મંત્ર ઘોષ) ભગવાનને ચરણે અર્પણ કર્યું. જેની પૂર્ણાહુતિ - વડોદરા ખાતે - મહિલા પાંખ દ્વારા એકાદશમ્ રૂદ્રમ અને અન્ય જીલ્લાઓમાં રૂદ્રાભિષેક ના આયોજન સાથે થઇ.

બ) દરેક સમિતિ/જિલ્લામાં તા. ૧૩/૧૪ નવેમ્બર ૨૦૨૧ દરમ્યાન ૨૪ કલાકના ગ્લોબલ અખંડ ભજન કરવામાં આવ્યા.

ક) ભગવાન બાબાના જન્મદિવસે તા. ૨૩ નવેમ્બરના રોજ દરેક સમિતિમાં - કોરોના પ્રોટોકલ પ્રમાણે અને અનુકુળતા મુજબ - સવારે નગર સંકીર્તન, લક્ષાર્ચન, ભજન, દિવસ દરમ્યાન સેવાકાર્ય, સાંજે વેદગાન, ભજન અન જન્મદિનની ઉત્સાહભેર ઉજવણી - ફટાકડા, પ્રસાદ અને કેક વિગેરે દ્વારા કરવામાં આવી.

૪. **શૈક્ષણીક પાંખની પ્રવૃત્તિનો અહેવાલ :-**

શ્રી સત્ય સાઇ સેવા સંગઠન, ભારત દ્વારા રાષ્ટ્રિય સ્તરની એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ - જેમાં બાલવિકાસ, શ્રી સત્ય સાઇ સ્કૂલસ્ અને ભક્તોના પાલ્યો એ ભાગ લીધો હતો.

સ્પર્ધા - પ્રથમ સમિતિ લેવલે થઇ - ત્યાંના વિજેતાઓ વચ્ચે જીલ્લા સ્તરે થઇ - તેમાંના વિજેતાઓ વચ્ચે રાજ્યસ્તરે અને દરેક રાજ્યના વિજેતાઓ વચ્ચે રાષ્ટ્રિય સ્તરે થઇ.

આપણા રાજ્યમાંથી સમિતિ સ્તરે ૨૫૭ / જીલ્લા સ્તરે ૧૭૨ / રાજ્ય સ્તરે ૪૬ અને રાષ્ટ્રિય સ્તરે ૬ બાળકોએ ભાગ લીધો.

(રાજ્ય પ્રમુખ, શ્રી સ.સા.સે.સં. ગુજરાત)

# ભગવાનના ૯૬માં જન્મદિનની ઉજવણીઓ

અનન્ય ભક્તિભાવ સાથે અને ધર્મનિષ્ઠ વાતાવરણમાં ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના ૯૬મા જન્મદિનની ઉજવણી પ્રશાંતિ નિલયમ ખાતે જોવા મળી

**<u>શ્રી સત્યસાઈ સત્યનારાયણ પૂજા અને રથોત્સવ.</u>**

આ મહત્વપૂર્ણ ઘટનાની ઉજવણીની શરૂઆત સૌંદર્યલક્ષી રીતે ખૂબ સુશોભિત અને તેજસ્વી રીતે પ્રકાશિત કુલવંત હોલમાં ૧૮મી નવેમ્બર ૨૦૨૧ ના રોજ શ્રી સત્ય સાઈ સત્યનારાયણ પૂજા અને રથોત્સવથી થઈ હતી. આ શુભ પ્રસંગની ઉજવણી માટે શ્રી સત્ય સાઈ સત્યનારાયણ, વેણુ ગોપાલ સ્વામી સાથે ભગવાન શ્રી રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનની મૂર્તિઓને પણ ભજન મંદિરમાંથી બહાર લાવી કુલવંત હોલમાં ભવ્ય પવિત્ર ધાર્મિક સરઘસ સાથે વૈદિક મંત્રોચ્ચાર સાથે ભગવાનની સમાધિ સામે અત્યંત સુંદર રીતે સજાવવામાં આવેલા મંચ પર ગોઠવવામાં આવી હતી. પૂજારીઓ દ્વારા ૮:૨૦ કલાકે શ્રી સત્ય સાઈ સત્યનારાયણ પૂજા પવિત્ર મંત્રોચ્ચાર સાથે અને પવિત્ર પ્રણાલિકાઓ વચ્ચે શરૂ કરવામાં આવી હતી. પૂજા બાદ, સાઈ અષ્ટોત્તર શત નામાવલી ( ભગવાન સાઈના ૧૦૮ નામો)નું ઉચ્ચારણ કરવામાં આવ્યું. પૂજાના સમાપન બાદ વિવિધ પ્રકારના થાળોનો નૈવેધ ધરવામાં આવ્યો અને શ્રી સત્ય સાઈ સત્યનારાયણની મૂર્તિ સામે આરતી કરવામાં આવી ત્યારબાદ, શ્રી સત્ય સાઈ સત્યનારાયણનું જીવન વૃતાંત વર્ણવવામાં આવ્યું. સાથે સાથે કથાના વિવિધ પ્રકરણોની ટૂંકી સમીક્ષા અંગ્રેજી જાણનાર ભક્તોના લાભાર્થે કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ, પૂજામાં ભગવાનના આશીર્વાદના સાક્ષી બનવાનો અનુભવ કર્યો હતો અને તેમના પ્રિય ભગવાન શ્રી સત્ય સાઈ સત્યનારાયણની કથા સાંભળીને ધન્યતા અનુભવી હતી.



ત્યાર બાદ ભવ્ય રથોત્સવમ્ ની ઉજવણી જોવા મળી. જ્યારે કુલવંત હોલમાં ભજનો ચાલુ હતાં ત્યારે વેણુગોપાલ સ્વામીની મૂર્તિ સાથે ભગવાન શ્રી રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનની મૂર્તિઓને ગોપુરમ દરવાજામાંથી ધાર્મિક સરઘસાકારે બહાર લાવવામાં આવી. જેનું નેતૃત્વ નાદસ્વરમના વાજીંત્રો, વેદમંત્રોના ઘોષ અને ભજનગૃપ દ્વારા કરવામાં આવ્યું. ગોપુરમ ગેટ આગળ વેણુગોપાલ સ્વામીની મૂર્તિને સુશોભિત રથમાં સ્થાપવામાં આવી. પછીથી રથ અને સરઘસ, પુટ્ટપર્તિ ગામના પેદ્દા વેંકમ્મા રાજુ કલ્યાણ મંડપમ્ ખાતે લઈ જવામાં આવ્યો. આ જગ્યાએ લોકનૃત્યકારો પણ સરઘસમાં જોડાયા હતા. રથ આગળ વધતાંની સાથે જ ભક્તો દ્વારા ભક્તિભાવ પૂર્વક ગુલાબની પાંદડીઓની પુષ્પવર્ષા મૂર્તિઓ પર કરવામાં આવી, આરતીઓ ઉતારવામાં આવી અને રથની સામે નાળિયેરો પણ ફોડવામાં આવ્યા

હતાં. રથ આગળ વધતો ગયો તેમ તેમ મોટી સંખ્યામાં લોકો સરઘસમાં જોડાતા ગયા. અસંખ્ય લોકો તેમની બાલ્કનીમાં આવીને એમના દર્શનના સાક્ષી બન્યા હતા. રથોત્સવનું સમાપન મૂર્તિઓ સામે આરતી ઉતારીને જુના મંદિર પાસે કરવામાં આવ્યું હતું. જે આ ભવ્ય ઘટનાના સીમાચિહ્નરૂપ હતું.

૧૮મી નવેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજ નો ભવ્ય કર્ણાટકી શાસ્ત્રીય સંગીત સમારોહ શ્રી આર.કે.પ્રસન્ના કુમાર અને એમના સહાયકો દ્વારા રજૂ કરાયો. ભગવાન ગણેશજીની પ્રાર્થનાથી કોન્સર્ટની શરૂઆત સાંજે ૪:૩૦ વાગ્યે થઈ. "સિદ્ધિ વિનાયકમ અનિશમ ચિંતન્યામ્યહમ્ " (હું સિદ્ધિ વિનાયકનું સતત ધ્યાનધરું છું). જાણીતા ગાયક અને એમના પારંગત સહાયક સંગીતકારોએ શ્રોતાઓને દોઢ કલાક સુધી તેમના ગાયન અને વાદ્યો દ્વારા મંત્રમુગ્ધ કર્યા હતા. ગાયક રચનાઓમાં ભજનો, ભક્તિભાવ ભર્યા ગીતો હતાં. તેમાના કેટલાંક : "ઈશ્વરમ્મા પ્રિય તનયા સાઈ નારાયણ" (સાઈ ઈશ્વરમ્માના અતિપ્રિય પુત્ર છે.) "બ્રોચેવારેવરુરા નીન્નુ વિના" (બીજું કોણ, તમારા સિવાય, અમારા ઉદ્ધારક છે). " એન્દરો મહાનુભાવુલુ" (ઉમદા પુરુષો કે જેમણે એમના આધ્યાત્મિક અનુભવોમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે) અને ત્યારબાદ વાદ્યસંગીતમાં વીણા ઉપર બે કંપોઝીશન્સ રજૂ થયા અને જુગલબંદી પણ થઈ. ભજનો ગવાયાં અને સાંજે ૬:૨૦ કલાકે આરતીથી સમાપન થયું.

**મહિલાદિન.**

પ્રશાંતિ નિલયમ ખાતે મહિલા દિનની ઉજવણી ખુબ જ ઉત્સાહપૂર્વક અને ગૌરવપૂર્ણ માહોલમાં તા. ૧૯મી નવેમ્બર, ૨૦૨૧ના રોજ કરવામાં આવી. પવિત્ર વૈદિક મંત્રોચ્ચાર સાથે સવારે ૮:૦૦ વાગ્યે અનંતપુર કેમ્પસની વિધાર્થીનીઓ દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત થઈ હતી. આ બાદ, શ્રી સત્ય ઇન્સ્ટિટયૂટ ઓફ હાયર લર્નિંગ અનંતપુર કેમ્પસના ડાયરેક્ટર શ્રી રાજેશ્વરી પટેલે આવકાર પ્રવચન કર્યું હતું. ભગવાન શ્રી સત્ય સાઈ બાબાએ સાઈસંગઠન અને વિદ્યાર્થીનીઓને ૧૯૯૯માં પ્રાણઘાતક વાવાઝોડા વખતે આપેલી સેવા કરવાની તકના સંભારણા કરતાં વિદ્વાન વક્તાએ કહ્યું કે કેવી રીતે સ્વામીએ અનંતપુર કેમ્પસની વિદ્યાર્થીનીઓને સેવા પ્રવૃત્તિઓમાં અગ્રીમ હરોળમાં રહેવા જણાવ્યું હતું. ત્યારબાદ, શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યૂટ ઓફ હાયર મેડિકલ સાયન્સિસના કાર્ડીઓવાસ્ક્યુલર રોગ વિભાગના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ડો.નીલમ દેસાઈએ બે વક્તાઓ રજૂ કર્યા, કે જેમણે તાજેતરની કોવિડ-૧૯ની મહામારી દરમ્યાન સાઈ સંસ્થાના અને સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના આશ્રયે અમૂલ્ય સેવાઓ બજાવી હતી.

પ્રથમ વક્તા-કુમારી પદ્મશ્રી રાધાસ્વામીએ અનંતપુર કેમ્પસની વિદ્યાર્થીઓની સેવાઓ વિશે વર્ણવ્યું કે કેવી રીતે તેમણે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભોજન હેલ્પલાઈનનું આયોજન કર્યું હતું અને આશરે ૧૪૫ જરૂરિયાતમંદ કુટુંબોને ચેન્નઈમાં આશરે બે માસ ચાલેલી કોવિડ-૧૯ ની મહામારી દરમ્યાન આરોગ્યપ્રદ ભોજન પૂરું પાડયું હતું. સાથે સાથે તેમણે અસંખ્ય જરૂરિયાતમંદ કુટુંબોને અનાજ પણ પહોંચાડ્યું હતું. બીજા વક્તા, કુ. નિવેદિતા કે જેઓ પણ અનંતપુર કેમ્પસના ભૂતપૂર્વ વિદ્યાર્થીની હતાં તેમણે પણ વર્ણન કર્યું કે અનંતપુર કેમ્પસની ૩૦ જેટલી ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ સેવા કરવા ભેગી થઈ અને તેઓએ ભોજન રાંધીને, અનાજ-પાણી અને કપડા આપીને તેલંગણાના આદિવાસી વિસ્તારના જરૂરિયાતમંદ અસંખ્ય લોકોની સેવા કરી હતી. વિશેષમાં તેમણે કહ્યું કે તેમણે કોવિડ-૧૯ ની મહામારી દરમ્યાન જ્યારે શાળાઓ બંધ હતી ત્યારે આદિવાસી વિસ્તારના વંચિત વિદ્યાર્થીઓને સ્માર્ટફોન આપીને ઓનલાઈન વર્ગોમાં કેવી રીતે

હાજર રહી નિયમિત ભણવું તે પણ શીખવ્યું હતું.

ત્યારપછી અનંતપુર કેમ્પસની વિદ્યાર્થીનીઓ દ્વારા રચિત "ગીતાંજલિ"ની ભાવનાપૂર્ણ સંગીત પ્રસ્તુતિ કરવામાં આવેલ. વિદ્યાર્થીનીઓ દ્વારા મધુર રીતે રજૂ કરાયેલા ભક્તિ ગીતોમાં " વંદેહમ્ શારદામ" (હું માતા શારદાને વંદન કરું છું), "શ્રી સત્ય સાઈ નામ પાવન" (શ્રી સત્ય સાઈનું પવિત્ર નામ), "ઓ સાઈ મા, ઓ સાઈ મા" નો સમાવેશ હતો.

ત્યારબાદ ભગવાનનું દિવ્ય પ્રવચન થયું. તેમાં ભગવાને સ્ત્રીઓના સદ્દગુણોના પ્રેમથી ગુણગાન ગાયા હતાં. તેમણે કહ્યું હતું કે સ્ત્રીઓના દ્રઢ નિશ્ચયથી કુટુંબમાં ભક્તિભાવ અને ધર્મ આવે છે અને તે સમાજમાં અને રાષ્ટ્રમાં પણ પ્રસરાવી શકે છે. ભગવાનનું સંબોધન "હરિ ભજન વિના સુખ શાંતિ નહીં" ભજનથી પુરૂં થયું.

ત્યાર પછીના ભજનો અનંતપુર કેમ્પસની વિધાર્થીનીઓ દ્વારા રજૂ થયાં અને સમગ્ર કાર્યક્રમ સવારે ૧૦:૧૦ વાગ્યે આરતી સાથે પૂર્ણ થયો.

સાંજનો કાર્યક્રમ વેદોના મંત્રોચ્ચારથી શરૂ થયો. તે શ્રી સત્ય સાઈ હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ રજૂ કર્યો. જેના પછી ષણ્મુખપ્રિયા અને હરિપ્રિયા-આ બે બહેનોએ કર્ણાટકી સંગીતનો ભક્તિસભર ગીતોનો કાર્યક્રમ રજૂ કર્યો. કેટલીક રચનાઓ તો શ્રોતાઓ પણ સમૂહમાં ગાતા હતાઃ "સીતામ્મા મયામ્મા" (સીતા મારા માતા છે), "શંકરા શિવ, શંકરા શિવ, શંકરા શંભો". "શિવ, શિવ, શિવ, શિવ ચેનારાડા" (શા માટે તમે શિવનું નામ બોલતા નથી). આ સાંગિતિક રજૂઆત પછી શ્રી સત્ય સાઈ હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ ભજનો ગાયા. સાંજે ૬:૦૦ વાગ્યે આરતી દ્વારા મહિલા દિનની ઉજવણીનું સમાપન થયું હતું.

**<u>શ્રેષ્ઠ દરજ્જાના કર્ણાટકીય સંગીતની પ્રસ્તુતિ.</u>**

ભગવાનના ૯૬ મા જન્મ દિનની ઉજવણી નિમિત્તે પ્રશાંતિ નિલયમના ભક્તોને અનેક જાણીતા-મશહૂર કર્ણાટકી સંગીતજ્ઞો/કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલ સુમધુર સંગીતની મહેફીલ માણવાની તક મળી હતી.

અગ્રણી ગાયક શ્રી ટી.વી. રામપ્રસાદે આત્મસભર કર્ણાટકી સંગીતની અનેક રચનાઓ તા.૨૦મી નવેમ્બર ૨૦૨૧ના રોજ રજુ કરી. સુમધુર અવાજના જેને આશીર્વાદ મળેલ છે એવા ગાયકે ત્યાગરાજની કેટલીક રચનાઓ રજુ કરી હતીઃ "નાદ તમુનમીશમ્" (હું શંકરને નમન કરું છું જે નાદનું મૂર્ત સ્વરૂપ છે) અને "રામ નન્નુ બ્રોવારા" (રામ દયા કરી મારું રક્ષણ કરો). ત્યાર બાદ તેમણે ''લીંગોદ્ભવકરા સાંબસદાશિવ ચંદ્રશેખરા સાઈ શિવા" આ-શ્રી સત્ય સાઈ ઉપર એક ભજન પ્રસ્તુત કર્યું અને "સાઈ ભજન બિના સુખ શાંતિ નહીં"-આ સાઈ ભજન સાથે સંગીતની મહેફીલને વિરામ આપ્યો.

આ અગાઉ શ્રી આર.જે.રત્નાકર અને શ્રી નિમિષ પંડ્યા દ્વારા "શ્રી સત્ય સાઈ પ્રેમ રથમ્" ભગવાન બાબાના ચરણકમળમાં સમર્પિત કરવામાં આવ્યો. આ સોનેરી રંગછટાવાળા વાહનને રથમાં રૂપાંતરિત કરવાની કામગીરી આંધ્રપ્રદેશના શ્રી સત્ય સાઈ સેવા સંસ્થાનની યુવાપાંખ દ્વારા કરાઈ હતી, જે રાજ્યના ખૂણેખૂણે ફરશે, શ્રી સત્ય સાઈની ભવ્યતાનો પ્રચાર કરશે અને નિઃસ્વાર્થ સેવા કરશે.

૨૧મી નવેમ્બર, ૨૦૨૧ યુવાન અને આશાસ્પદ કર્ણાટકી સંગીતકાર શ્રી સીક્કીલ ગુરૂચરણે સંગીતમય ગુલદસ્તો ભગવાનના ચરણકમળમાં અર્પણ કર્યો અને મધુર કર્ણાટકી ગીતો ગાયાં. આ પ્રતિભાશાળી કલાકાર દ્વારા કેટલીક અદભૂત રચનાઓની પ્રસ્તુતિ થઈ જેમ કે "જય જય જય જય જાનકીકાન્ત" (માતા સીતાના હૃદયનાથને વંદન), " ગાનમૂર્તિ શ્રી કૃષ્ણ વેણું"(ભગવાન કૃષ્ણની વાંસળી આકાશી સંગીત

આપે છે), "મૃડુ ગરે યશોદા મુંગીતા મૃત્યામુ વીડુ" (તે યશોદાનો વ્રજવાસીઓનો હીરો છે, જે પ્રેમ રેલાવે છે).

૨૨ નવેમ્બર ૨૦૨૧ના રોજ પ્રખ્યાત કર્ણાટકી સંગીતકાર અને પ્લેબેક ગાયિકા શ્રીમતી નિત્યશ્રી મહાદેવન્‌એ ભક્તિમય કર્ણાટકી રચનાઓ રજૂ કરી. જુદા જુદા ગીતકાર/સંગીતકારની કતારબંધ રચનાઓ (એક પછી એક) રજૂ કરીને ભક્તિસંગીતના જુદા જુદા પરિમાણોને વ્યક્ત કરતાં કરતાં શબ્દોની અદભૂત રચનાઓને સાંગિતિક આનંદ સાથે સુંદર રીતે સાંકળી લેતા લેતા, અદભૂત એવો ભક્તિમય કાર્યક્રમ રજૂ કર્યો. ત્યાગરાજ ની 'પંચરત્ન કૃતિ'થી કન્સર્ટની શરૂઆત થઈ (પાંચ જેમ્સ) "એન્દરો મહાનુભાવુલુ" (ઉમદા પુરુષો જેમણે તેમના આધ્યાત્મિક અનુભવમાં ઉચ્ચ સ્થાન હાંસલ કર્યું છે). ગાયકે અનેક ગીતોનો સમાવેશ "આનંદ અમૃતકરશીની અમૃતવર્ષીની" (અરે, ભવાની, શીવની કન્સર્ટ,જે અણુસમાન આશીર્વાદ ધરાવે છે, આનંદની જેમ અમૃત મોહિત કરે છે, અમૃત સમાન વરસાદ વરસાવે છે), " ભો શંભો શીવ શંભો સ્વયંભો"( શિવ જે જાતે જન્મ્યા છે) બધી રીતે આ એક, સૌને મોહિત કરનારી વોકલ કન્સર્ટ હતી.

## ભગવાનના ૯૬મા જન્મદિનની ઉજવણીનો કાર્યક્રમ.

ભવ્યતા અને ગૌરવ એ ભગવાનના ૯૬મા જન્મદિનની ઉજવણીની એક સીમાચિહ્નરૂપ ઘટના હતી. કુલવંત હોલ તા. ૨૩મી નવેમ્બર ૨૦૨૧ના રોજ અત્યંત સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પવિત્ર વૈદિક મંત્રોચ્ચારથી સવારે ૮:૦૦ વાગ્યે કરવામાં આવી. તે બાદ ભક્તિમય સંગીત "સાંઈ વંદના" પ્રશાંતિ મંદિર ભજનગ્રુપ દ્વારા રજુ કરાયું. જેમાં ભક્તિમય ગીતો ભક્તિથી ભરપૂર હૃદયસ્પર્શી લાગણીઓ સાથે અને ખૂબ જ કૃતજ્ઞતાપૂર્વક રજૂ થતાં તેની પ્રેક્ષકો ઉપર ભારે અસર થઈ હતી. કેટલાંક ગીતો ભજનગ્રુપના ગાયકો દ્વારા રજુ થયાં: જગમુલેલે વિશ્વા મોહન સત્ય સાઈ કી સ્વાગતમ( સત્ય સાઈને આવકાર કે જેમને સમગ્ર વિશ્વમાં ચાહવામાં આવે છે), " યે રાસ્તા હમારા પ્યારકા" ( આ અમારા પ્રેમનો સંબંધ છે ), "હેપ્પી બર્થ ડે, સ્વામી", " હમકો તુમસે પ્યાર કિતના"( અમે તમને કેટલો પ્રેમ કરીએ છીએ).

આ ભાવપૂર્ણ સંગીત પ્રસૂતિ બાદ ત્રણ અગ્રણી વક્તાઓએ તેમના વક્તવ્યો રજૂ કર્યા. શ્રી એસ.એસ નાગાનંદ-ટ્રસ્ટી શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ-એ પ્રથમ વક્તા હતા. તેમણે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો. તેમાં શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટની ૨૦૨૦-૨૧ની પ્રવૃત્તિઓ હતી.

શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના આવક અને જાવક ની વિગતો વિશે શ્રી નાગાનંદ બોલ્યા જેમાં આશ્રમમાં નવી સુવિધાઓ અને વિકાસની રૂપરેખા રજૂ કરી. તેમણે ટ્રસ્ટમાં અને હોસ્પિટલમાં મહત્વના કામો થયાં તે, તથા શૈક્ષણિક સંસ્થાઓના કામો અને જાહેર વેલ્ફેર કાર્યક્રમો વિશે વાતો કરી. તેમણે બીજી અન્ય સંસ્થાઓમાં જે સિદ્ધિઓ હાંસલ કરી તે વિશે પણ કહ્યું. તેમાં સત્ય સાઈ વિદ્યા વાહિની, શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યૂટ ઓફ હ્યુમન વેલ્યુઝ અને શ્રી સત્ય સાઈ મિડિયા સેન્ટર નો સમાવેશ થતો હતો. બીજા વક્તા વી. મોહન- તેઓ પણ શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. તેમણે કહ્યું કે આખી દુનિયાના લોકો કોવિડ-૧૯ની મહામારી દરમ્યાન પ્રશાંતિ નિલયમમાં આવવાની ઝંખના કરતા હતા. દરેક વિસ્તારના ભક્તો ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના ચરણકમળનો સ્પર્શ કરવાની ખેવના રાખે છે. એમણે દુનિયાના તમામ ભક્તોને સાદ આપ્યો કે તેઓ વારંવાર પ્રશાંતિ નિલયમમાં આવે, કારણકે આ દુનિયાનું એક આધ્યાત્મિક કેન્દ્ર છે.

ત્યારબાદ, શ્રી નિમિષ પંડ્યા-ઓલ ઇન્ડિયા પ્રેસિડન્ટ-શ્રી સત્ય સાઈ સેવા સંગઠન અને વાઈસ ચેરમેન-શ્રી સત્ય સાઈ ગ્લોબલ કાઉન્સિલ- એ

ઉપસ્થિત મેદનીને સંબોધી. આ ઉત્કૃષ્ટ વક્તાએ ભક્તોને કહ્યું કે સાધના દ્વારા પરિવર્તન જરૂરી છે. ભગવાન તમારામાં ફક્ત રહેલો જ નથી પરંતુ તેની અનુભૂતિ હૃદયપૂર્વકના અનુભવ થી પણ કરો. ભક્તોએ એમના ભગવાનને સૌથી કિંમતી ભેટ આપવી હોય તો એ આપી શકે છે કે બિનશરતી એમના આજ્ઞાંકિત બનવું. તેમણે ભગવાનના કથનને ઉલ્લેખતાં કહ્યું કે "વિસ્તરણ એ મારું જીવન છે". શ્રી પંડ્યાના મતાનુંસાર, શ્રી સત્ય સાઈ ગ્લોબલ કાઉન્સિલ એ દુનિયાના તમામ ભક્તોને એક કરવા માટે છે.

શ્રી પંડ્યાના વક્તવ્ય બાદ શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ નવી વેબસાઈટ ભગવાનના ચરણકમળમાં અર્પણ કરી જે શ્રી સત્ય સાઈ ગ્લોબલ કાઉન્સિલ www.shrisatyasaiglobalcouncil.org ભક્તોને આશીર્વાદ માટે ડિવાઈન ડિસકોર્સ ઓફ ભગવાન જાહેર જનતા માટે મૂકવામાં આવી. એમના ડિસકોર્સમાં, ભગવાને ભારપૂર્વક જણાવ્યું કે માણસ માટે એ જરૂરી છે કે તેઓ જુએ અને અનુભવે કે ભગવાન તેમનામાં જ વસે છે. ભગવાને કહ્યું કે સંપૂર્ણ શરણાગતિ અને પ્રેમ જ ભગવાન પાસે જવાનો સાચો માર્ગ છે. એમણે ભક્તોને સલાહ આપી કે તેઓ કદી પણ ભગવાનને છોડે નહીં: ભગવાને આ વાત તેમના ખાસ ભજનમાં પણ વર્ણવી છે કે " હરિ ભજન વિના સુખ શાંતિ નહીં".

**<u>સોનેરી રથ સરઘસ અને ઝુલા મહોત્સવ.</u>**

સોનેરી રથ સરઘસ અને ઝુલા મહોત્સવે ભગવાનના ૯૬મા જન્મદિનની ઉજવણીને ભવ્યતા બક્ષી. ભગવાનનો સોનેરી રથ જેના ઉપર ભગવાનનું સુંદર ચિત્રણ હતું. તે ગણેશમંદિરથી સાંજે પાંચ વાગ્યે શરૂ થયો. જેનું નેતૃત્વ, નાદસ્વરમ્ વાદકો, વેદોના મંત્રોચ્ચારવાળા તેમજ ભજનોવાળા ગૃપે લીધું અને રથને પ્રશાંતિ મંદિરની ફરતે ફેરવવામાં આવ્યો અને સાઈ કુલવંત હોલમાં સાંજે ૫:૪૫ વાગ્યે પહોંચ્યો. વિશાળ સંખ્યામાં ભક્તોએ આનંદનો અનુભવ કર્યો અને બધા માર્ગમાં એના સાક્ષી બન્યા અને બધાએ ભગવાનને પ્રેમપૂર્વક ભક્તિભાવ ભરી સલામી આપી.

ત્યારબાદ, ઝૂલા મહોત્સવ યોજાયો. આકર્ષક રીતે શણગારેલો ઝૂલો જેના ઉપર ભગવાનનાં ચિત્રો હતાં તેને સાઈ કુલવંત હોલમાં ગોઠવવામાં આવ્યો. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તો માટે આ એક સ્વર્ગ સમાન દ્રશ્ય હતું. ઝૂલો ઝુલાવતી વખતે હૃદયપૂર્વકના ભક્તિપૂર્ણ ગીતો ગવાતાં હતાં. સૌ પ્રથમ, પ્રખ્યાત કર્ણાટકી સંગીત, બંને મલ્લાદિભાઈઓ દ્વારા રજુ થયું, શ્રી રામપ્રસાદ અને શ્રી રવિકુમાર તથા તેમના પિતાજી મલ્લાદી સુરીબાબુએ, ભજનો રજૂ કર્યા. મલ્લાદિભાઈઓ અને તેમના પિતાજી દ્વારા જે ભજનો રજૂ થયા, તે- "શિવ, શિવ, શિવ, શિવ ચેનેરાડા" (શા માટે તમે શિવના નામનો મંત્રોચ્ચાર નથી કરતા), " ભગવાનુડ પુતીના પન્ડુગા" (ભગવાનના જન્મદિનનો ઉત્સવ) " સાઈ કથાલે શાંન્તુલકુ સોપાઅનાલુ "(સાઈની વાર્તાઓ સુખ અને શાંતિના પગથિયાં છે).

મલ્લાદિભાઈઓ પછી પ્રશાંતિ મંદિર ભજન ગૃપે તેમની રજૂઆત કરી. તેમણે કન્સર્ટ પૂરું કર્યું. તેમનો કાર્યક્રમ સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ કર્યો જેમાં ભક્તિમય ગીતો "આજ તુમ્હારા જન્મદિવસ હૈ". ગાયકોએ અનેક ભજનો તેમનુ હૃદય ઠાલવીને ગાયાં તેમાનાં કેટલાંક- "લીલા માનુસા વેશધારી" (ભગવાન માનવ સ્વરૂપે), "પર્તિપુરી નાયકમ" (પર્તિના ભગવાન) અને પ્રશાંતિનું સદાબહાર શ્રેષ્ઠ ગીત "તેરે દરબારમેં હમ આયે હૈ આજ". હતાં.

ત્યાર પછી ભજનો ગવાયાં અને સાંજે ૮:૩૦ વાગ્યે આરતી સાથે સમાપન થયું. પ્રશાંતિ નિલયમ ખાતે ભગવાનના ૯૬ મા જન્મદિનનો ઉત્સવ એક સીમાચિહ્ન રૂપ અદભૂત ઘટના હતી

# શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગ (SSSIHL) નો ૪૦મો વાર્ષિક દીક્ષાંત સમારોહ

શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગ SSSIHL (ડિમ્ડ યુનિવર્સિટી)એ તેનો ૪૦મો વાર્ષિક દીક્ષાંત સમારોહ ૨૨મી નવેમ્બર ૨૦૨૧ના રોજ આંધ્રપ્રદેશનાં પ્રશાંતિનિલયમના પૂર્ણચંદ્ર ઓડિટોરિયમમાં યોજ્યો હતો.

દીક્ષાંત સમારોહનું મુખ્ય મહેમાન પદ ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશ એન.વી.રામને શોભાવીને S S S I H L નું ગૌરવ વધાર્યું હતું. આંધ્રપ્રદેશમાં ક્રિષ્ણા જિલ્લાના ખેડૂત પરિવારમાં જન્મેલા ન્યાયાધીશ એન.વી.રામને ૧૯૮૩માં એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી અને આંધ્રપ્રદેશ હાઈકોર્ટ તથા સેન્ટ્રલ અને આંધ્રપ્રદેશ એડમિનિસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલ્સ ઉપરાંત સિવિલ, ક્રિમિનલ, કોન્સ્ટીટ્યુશનલ, લેબર, સર્વિસ અને ઈલેકશન બાબતો માટે ભારતની સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિશ કરી હતી. તેમણે કોન્સ્ટીટયુશનલ, લેબર, સર્વિસ અને ઈન્ટર-સ્ટેટ રિવર કાયદાઓમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી છે. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ તેમને સુપ્રીમ કોર્ટના જજ તરીકે બઢતી આપવામાં આવી હતી અને ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૨૧ના રોજ ભારતના ૪૮માં સર્વોચ્ચ ન્યાયાધીશ તરીકે રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરાઈ હતી. ૨૪મી એપ્રિલ ૨૦૨૧ના રોજ તેમણે શપથ ગ્રહણ કર્યા હતા.

મુખ્ય મહેમાને પ્રશાંતિનિલયમ પૂર્ણચંદ્ર હોલમાં ચાન્સેલર, વાઈસ-ચાન્સેલર, કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન્સ, S S S I H L ટ્રસ્ટ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને એકેડેમિક કાઉન્સિલના સભ્યો, ડિન્સ, હેડ્સ ઓફ ડિપાર્ટમેન્ટ્સ તથા અન્ય માનવંતા ડેલિગેટ્સ ઉપરાંત સમારોહ માટેનો ઔપચારિક દંડ લઈને આવી રહેલા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર સાથે પ્રવેશ કર્યો તે સાથે જ સવારે ૯:૧૦ કલાકે સમારોહનો પ્રારંભ થયો હતો. તૈત્રિય ઉપનિષદમાંના વેદોચ્ચાર સાથે વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. સી.બી.સંજીવીએ પૂજનીય સ્થાપક ચાન્સેલરને દીક્ષાંત સમારોહ ખુલ્લો મૂકવા અંગેની પ્રાર્થના કરી હતી. ત્યાર બાદ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના દિવ્ય સ્વરોમાં સમારોહ ખુલ્લો મૂકવાની ઘોષણા કરાઈ હતી.

**<u>વાઈસ ચાન્સેલરનું પ્રાસંગિક પ્રવચન</u>.**

આ પ્રસંગે વાઈસ ચાન્સેલરે વર્લ્ડ ક્લાસ સેન્ટ્રલ રિસર્ચ ઈન્સ્ટ્રુમેન્ટ્સ ફેસિલીટી (RIF) અને SSSIHLની સેન્ટ્રલ રિસર્ચ લેબોરેટરી (CRL)ને બળ પૂરું પાડનારી સમાજની ફાયદાકારક હાઈક્વોલિટી રિસર્ચ વિશે ઝાંખી કરાવી હતી. તેમણે કહ્યું હતું કે SSSIHL દ્વારા કોવિડ-૧૯ માટે બનાવવામાં આવેલી " SAIC-19 Agkit " રેપિડ એંટિજન ટેસ્ટ કીટને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે (ICMR) ફેબ્રુઆરી-૨૦૨૧માં માન્યતા આપી તે SSSIHL માટે એક ગર્વાન્વિત પળો હતી. તે કેટેગરીમાં માન્યતા પ્રાપ્ત કરનારી શૈક્ષણિક સંસ્થા એકમાત્ર SSSIHL જ હતી. SSSIHLના નામે પેટન્ટ લેવાયેલી "SAIC-19 Agkit" હવે યુએસ-એફડીએ (US-FDA)ની મંજૂરી મેળવવાનો ઈરાદો રાખે છે. નાવીન્ય બાબતે, તેમણે કહ્યું હતું કે (૧) હેલ્થકેર (૨) ક્રિટિકલ પબ્લિક ગુડ્સ એન્ડ સર્વિસીસ (૩) ફૂડ એન્ડ ન્યુટ્રિશન (૪) સાયબર સિક્યુરીટી એપ્લિકેશન્સ અને (૫) ઈન્સ્યુરન્સ અંગેના "ટેકનોલોજી રેડીનેશ લેવલ" (પાંચ કે તેથી વધુ) સાથેના ત્રીસ પ્રોજેક્ટ્સ ઉપર કામગીરી ચાલી રહી છે.

વાઈસ ચાન્સેલરે ત્યાર પછી ઈન્ડો-સ્વિડીશ, ઈન્ડો-ઈટાલિયન, ઈન્ડો-ઓસ્ટ્રેલિયન, ઈન્ડો-કેનેડિયન અને ઈન્ડો-યુએસ પ્રોગ્રામ્સ હેઠળ દ્વિપક્ષીય ફંડની તકો સાથેના વિવિધ આંતરરાષ્ટ્રીય

સહાયકારી રિસર્ચ પ્રોજેક્ટ્સ પરત્વે પણ પ્રકાશ પાડ્યો હતો. તાજેતરમાં સ્વિડનની ઉપ્પસલા યુનિવર્સિટી અને ઓસ્ટ્રેલિયાની મેકરી યુનિવર્સિટી તથા અમેરિકાની બાલ્ટીમોરની યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ સાથે જોડાણ કર્યાનો ઉલ્લેખ પણ તેમણે કર્યો હતો. ત્યાર પછી તેમણે અભ્યાસમાં જે તે ક્ષેત્રમાં પ્રાપ્ત કરવામાં આવેલી શૈક્ષણિક સિદ્ધિઓ બદલ ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

તેમણે પૂજ્ય સ્થાપક ચાન્સેલર ભગવાન શ્રી સત્ય સાઈ બાબાને અત્યંત પ્રેમપૂર્વક તેમની ભવિષ્યવાણીરૂપ વિધાનને યાદ કરીને સમાપન કરતાં કહ્યું હતું: “ બીજ વાવી દીધાં છે, હવે પછી તે ફૂલશે-ફાલશે; સારાં એવા પ્રમાણમાં ફળો પ્રદાન કરશે અને તમામને આશ્રય, સલામતી અને નિર્વાહ પૂરો પાડશે.” ૫૦ વર્ષો પૂર્વે અનંતપુર ખાતે શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગ માટેની કોલેજ બિલ્ડિંગના ઉદ્દઘાટન સમયે સ્વામીએ ઉપરોક્ત વિધાન કર્યું હતું. વાઈસ ચાન્સેલરે ભગવાન તેમના ઉમદા મિશનને તેમની દ્રષ્ટિ પ્રમાણે, વધુ ઊંચાઈએ લઈ જઈએ તે માટે માર્ગદર્શન પૂરું પાડતા રહે એવી પ્રાર્થના પણ કરી હતી.

**<u>સ્નાતકોને ઉપાધિઓ આપવામાં આવી.</u>**

વાઈસ ચાન્સેલરનાં પ્રાસંગિક પ્રવચન બાદ કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન્સ શ્રી સંજય સાહનીએ સ્નાતકોને ચાન્સેલર શ્રી કે. ચક્રવર્તી સમક્ષ પ્રસ્તુત કર્યા હતા જેમણે તે બધાંની ઉપાધિઓને મંજૂરી આપી હતી. ત્યાર પછી વાઈસ ચાન્સેલરે દીક્ષાંત સમારોહમાં બધાનેશપથ લેવડાવ્યા હતા અને ઈન્સ્ટિટયૂટના ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓને ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશ જજ શ્રી એન. વી.રામન દ્વારા એવોર્ડ એનાયત કરાયા હતા. ગોલ્ડ મેડાલિસ્ટ્સ ઉપરાંત ડોક્ટરલ રિસર્ચ સ્કોલર્સને ચાન્સેલર દ્વારા તેઓની પી.એચ.ડી. ડિગ્રીઓ એનાયત કરવામાં આવી હતી અને સ્થાપક કુલપતિ ભગવાન શ્રી સત્ય સાઈ બાબા દ્વારા કૃપાન્વિત કરાયેલા સ્પેશિયલ મેમોન્ટોસ પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

મુખ્ય અતિથિ જજ શ્રી એન.વી રામને તેમનાં પ્રવચનમાં વિદ્યાર્થીઓને કહ્યું હતું, “ શૈક્ષણિક અભ્યાસ કરતાં શિક્ષણ ઘણું વધારે છે, અને સાચું શિક્ષણ નૈતિક મૂલ્યો અને નમ્રતા, નિ:સ્વાર્થપણું, કરૂણા, સહનશીલતા, ક્ષમા અને પારસ્પરિક આદરના સદ્દગુણો ગ્રહણ કરવામાં મદદ કરે છે. જીવનમાં જ્યારે જટિલ પડકારોનો સામનો કરવાનો વારો આવે ત્યારે આપણને સાચો નિર્ણય લેવા સમર્થ બનાવતાં આપણા ચારિત્ર્યને ઉન્નત અને આપણી વિચારસરણીને વિશાળ બનાવવામાં તે મદદ કરે છે. SSSIHLના વિદ્યાર્થીઓ 'શિક્ષણનો અંત ચારિત્ર્ય છે' એવું ગણનારા અભ્યાસક્રમનાં કેન્દ્રબિંદુમાં રહેલી બાબાની ફિલસૂફી બદલ તેઓ ખરેખર ભાગ્યશાળી છે.”

તેમણે કહ્યું હતું કે SSSIHL અર્વાચીન ગુરુકુલના સિદ્ધાંત ઉપર નિર્માણ કરવામાં આવી છે જેમાં ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો, સાથે તદ્દન આધુનિક શિક્ષણ આપવામાં આવે છે. તે સાથે સર્વાંગી વિકાસ સહિતની જીવનશૈલી, સામાજિક જવાબદારીનો પણ અભ્યાસ થાય છે, જેનો કમનસીબે હાલમાં આપવામાં આવતા આધુનિક શિક્ષણમાં અભાવ હોય છે.

વિદ્યાર્થીઓને સ્વકીય જરૂરિયાતોથી પર રહેવાની આગ્રહભરી વિનંતી કરતાં તેમણે તેમની જાણકારી(જ્ઞાન)નો પ્રસાર કરીને અને લોકોને તથા તેમની આસપાસના સમુદાયને વિવાદો અને હિંસામુક્ત પ્રગતિશીલ જગતમાં અગ્રેસર રહી સમાજને સમૃદ્ધ બનાવવાની જવાબદારી ઉપર ભાર મૂક્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સઘન અધ્યયન, માનવતા, નૈતિકતા અને આધ્યાત્મિકતાને ટેકો આપતી તેમણે લીધેલી પ્રતિજ્ઞાને યાદ કરાવતાં

સમાપન કર્યું હતું અને તે સાથે સાથે તે પ્રતિજ્ઞાનું જીવનમાં પાલન કરવાની વિનંતી પણ કરી હતી.

**પૂજનીય સ્થાપક ચાન્સેલરનું આશિષાત્મક ઉદ્દબોધન.**

પૂજનીય સ્થાપક કુલપતિ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના દિવ્યાશિષથી સ્નાતકો કૃપાન્વિત થયા હતા. સાચું શિક્ષણ વિદ્યાર્થીઓને રોટલો રળવા માટે નહીં, પણ જીવન જીવવા માટે કેવી રીતે તૈયાર કરે છે તે વિષે માહિતી આપી હતી. તે પ્રમાણે, SSSIHL ખાતે વિદ્યાર્થીઓને આપવામાં આવતા 'એજ્યુકેર'નો અર્થ આપણામાં સુષુપ્ત કે છુપાયેલાને પ્રગટ કરવાનો છે અને તેમણે વિદ્યાર્થીઓને પોતપોતાનામાં સુષુપ્ત દિવ્ય લાગણીઓને બહાર કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા તેને જીવનરૂપી રથનું બીજું પૈડું બનાવવું જોઈએ જ્યારે પ્રથમ પૈડું દુન્યવી શિક્ષણ છે. ભગવાને સમાપનમાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓ મારી મિલકત છે; જ્યાં જ્યાં પણ તેઓ જાય તેમણે સારું નામ કમાવું જોઈએ.

પૂજ્ય સ્થાપક ચાન્સેલરના દીક્ષાંત પ્રવચન બાદ, સૌ કોઈ રાષ્ટ્રગીત ગાવા ઉભા થયા. દીક્ષાંત સમારોહનું સવારે ૧૦.૩૫ વાગે આરતી દ્વારા સમાપન થયું.

## સેવાકીય પાંખની પ્રવૃત્તિનો અહેવાલ

શ્રી સત્ય સાઇ સેવા સંગઠન ગુજરાત ની દરેક સમિતિ દ્વારા ભગવાન શ્રી સત્ય સાઇબાબાની ૯૬માં જન્મદિનની ઉજવણી નિમિત્તે વિવિધ સેવા પ્રવૃત્તિઓ - ખૂબજ ઉત્સાહ અને આનંદ-ઉલ્લાસ સાથે કરવામાં આવી. જેનો એકંદર અહેવાલ આ પ્રમાણે છે.

૧. યુવા પાંખ દ્વારા રક્ત દાન શિબિરનું આયોજન - કુલ ૧૫ રક્તદાન શિબિરો થઇ જેમા કુલ ૭૩૭ યુનિટસ્ નું કલેક્શન થયું. (સમગ્ર ભારતમાં કુલ ૨૬ રાજ્યોમાં ૨૮૪ બ્લડ ડોનેશન કેમ્પ ના આયોજન અંતર્ગત કુલ ૧૦૧૫૬ યુનિટસ્ બ્લડ એકત્ર થયું.)
આપણા સૌ માટે આ આનંદ, ગૌરવ અને, ગર્વની લાગણી સમાન છે. આ આંકડા આપણને ભલે સંતોષ આપે, પરંતુ ભવિષ્યમાં થનારી આવી પ્રવૃત્તિઓ માટે આ, પાયાનો તબક્કો માનીને આપણે હજું ઊંચી અને લાંબી છલાંગ ભરવાની છે એ યાદ રાખીએ.

૨. નારાયણ સેવા :- લાભાર્થીઓની સંખ્યા ૨૫,૯૪૬

૩. અમૃત કલશમ્ કીટ વિતરણ :- કુલ ૪૦૩ કીટનું વિતરણ થયું.

૪. મેડીકલ કેમ્પસ્ / આરોગ્ય કેન્દ્રોનું કાર્ય :-
રાજ્યના જુદા જુદા જીલ્લા / સમિતિ સ્તરે ચાલતા મેડીકલ સેન્ટર્સ / આરોગ્ય કેન્દ્રો ખાતે અને મેડીકલ કેમ્પ થકી કુલ ૫૫૦ થી વધુ દર્દીઓની સારવાર (દવા સાથે) કરવામાં આવી.
૨૮ જણના આંખોની સારવાર અને મોતીયાના ઓપરેશન્સ કરવામાં આવ્યા આ ઉપરાંત આવનાર સમયમાં ૨૮૪ દર્દીઓને તપાસ કરીને ૧૧૭ દર્દીઓના મોતિયાના ઓપરેશન્સ કરવામાં આવનાર છે.

૫. જરૂરિયાતમંદ વ્યક્તિઓને સિવવાના સંચા ૪ નંગ, એક હાથલારી, એક ટ્રાઈસિકલ (અપંગને) અપર્ણ કરવામાં આવી.

૬. આ ઉપરાંત વૃધ્ધાશ્રમ, જુવેનાઇલ હોમ ની મુલાકાત લઇ જરૂરિયાત મંદ વ્યક્તિઓને કપડા, સાડી વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું. હોસ્પીટલ વિઝીટ થકી દર્દીઓને જરૂર માર્ગદર્શન પ્રસાદ વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું.

૭. શ્રી સત્ય સાઇ સેવા સંગઠન - ગુજરાત દ્વારા ભગવાનના જન્મોત્સવ નિમિત્તે દરેક ભક્તોના ઘરે પ્રસાદ - સેવાદળના સભ્યો દ્વારા પહોંચાડવામાં આવ્યો.

(રાજ્ય પ્રમુખ, શ્રી સ.સા.સે.સં. ગુજરાત)

## ભાગવત વાહિની - પ્રકરણ ૧૩

# પરીક્ષિતનો રાજ્યાભિષેક

શ્યામસુંદરે જે માર્ગ સ્વીકાર્યો હતો, તે જ માર્ગ કુંતીદેવીએ સ્વીકાર્યો. બસ, જે હવે રહી ગયું તે પ્રાણ વિનાનું શરીર. અર્જુન મોટેથી રડવા લાગ્યા. "ભાઈ, હું શું કહું? આપણે આપણી મા ને ખોઈ છે" ધર્મરાજા, જે બાજુમાં જ ઉભા હતા તે તો આ આચકાથી સ્તબ્ધ થઈ ગયા. તે, મા ના નિર્જીવ શરીર તરફ વળ્યા અને જોયું તો મા નો ચહેરો એકદમ ફિક્કો પડી ગયો હતો, તે જોઈને યુધિષ્ઠિર તો પથ્થરની જેમ જડ થઈ ગયા.

દરવાજાની બહાર ઉભેલી દાસીઓએ અર્જુનના ઉદગાર સાંભળ્યા અને તેઓએ કક્ષની અંદર ડોકિયું કર્યું. કુંતીદેવીનો દેહ જમીન ઉપર પડ્યો હતો. અર્જુનના ખોળામાં માથું હતું અને તે અશ્રુભરી આંખો સાથે મા ના મુખારવિંદને તાકી રહ્યો હતો. દાસીઓએ આ સમાચાર કર્ણોપકર્ણે એક-બીજાને પહોંચાડી દીધા. તેણીઓ બધી અંદર આવી ગઈ અને જોયું કે મહારાણી તેમને છોડીને સ્વધામ સિધાવી ગયા છે કે જેઓની પાછા ફરવાની કોઈ શક્યતા નથી. આ હૃદયદ્રાવક પરિસ્થિતિ જોતાજ તે બધી મોટેથી વિલાપ કરવા લાગી.

ત્યાં સુધીમાં તો અંતઃપુરમાં રાણીઓ સુધી સમાચાર પહોંચી ગયા હતા. થોડીક જ ક્ષણોમાં, સમગ્ર હસ્તિનાપુરમાં આ દુઃખદ સમાચાર વાયુવેગે ફરી વળ્યા. રાણીઓ દુઃખથી દ્રવિત થઈ ગઈ. ડગમગતા પગલે તેઓ અંદર આવ્યા અને તીવ્ર દુઃખની વેદનાઓમાં છાતી ફૂટવા લાગ્યા. દુઃખના પ્રવાહથી અસર પામેલા મહેલના રહેવાસીઓ કુંતીમાતાના કક્ષ તરફ દોડી આવ્યા. ભીમ, નકુલ અને સહદેવ તેમજ મંત્રીગણ દુઃખના સાગરમાં ડૂબી ગયા.

સમગ્ર વાતાવરણ શોકમય બની ગયું. થોડીક ક્ષણો પહેલાંજ, જે કુંતીમાતા-અર્જુનની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતાં, તેમજ તેની પાસેથી દ્વારિકાના સમાચાર જાણવા ઉત્સુક હતા, તે આમ અચાનક ચાલી જાય, તે કોઈ પણ માનવા તૈયાર જ નહોતું. જેઓ ત્યાં આવ્યા, તે બધા જડવત થઈને ઉભાજ રહી ગયા. દાસીઓ અને મહિલાઓનું આક્રંદ, રાણીઓનો ઘેરી વ્યથાનો વિલાપ અને પુત્રોનો વિષાદ-ખડકાળ હૃદયને પણ પિગળાવી દે એવો હતો.

ધર્મરાજાએ દરેકને સાંત્વના આપી અને હિંમત રાખવા જણાવ્યું. હવે, દુઃખ-શોક ન કરવા અંગે તેમણે બધાને કહ્યું. તેમણે જાતે પણ અશ્રુ ન સાર્યા. તે મક્કમ બનીને બધાની વચ્ચે ફરતા હતા અને દરેકને માનસિક સાંત્વના આપતા હતા, હિંમત આપતા હતાં અને જરૂરી સૂચનાઓ આપતા હતા. તેમના આવા સ્વ-નિયંત્રણના ગુણ માટે બધાને આશ્ચર્ય થતું હતું. મંત્રીગણે તેમને મળીને કહ્યું, "હે મહારાજા! આપની આવી ધીર-ગંભીર વર્તણૂક, સાચેજ વંદનીય છે. તમે તો તમારી મા ને ખૂબજ આદર-સમ્માન સાથે રાખી હતી. તમારા પોતાના શ્વાસની જેમ તેને સાચવી. તેણીના અવસાનને તમે આટલી સહજતાથી કેવી રીતે લઈ શકો છો?" તેમના પ્રશ્નો અને તેમની ઉત્કંઠા પ્રત્યે મંદસ્મિત કરતા યુધિષ્ઠરે કહ્યું, "વ્હાલા મંત્રીઓ, હું જ્યારે તેણીના અવસાન વિશે વિચાર કરૂ છું તો મને અદેખાઈ ઉપજે છે. તેણી સાચે જ સદભાગી છે. કૃષ્ણ, પોતાના સ્વર્ગીય સ્વધામે સિધાવ્યાના સમાચાર જેવા તેણીએ સાંભળ્યા કે તરતજ તેની આ દુન્યવી માયા સરી પડી, ભૌતિક વિશ્વ નષ્ટ થઈ ગયું. તેણીએ તરતજ એ જ માર્ગે પ્રયાણ કરી નિજધામગમન સ્વીકાર્યું, કારણ તે કૃષ્ણવિરહ પચાવી ન શકી. અમે જ દુર્ભાગી છીએ. અમે તેની (કૃષ્ણની) કેટલા નજીક હતા અને તેમની પાસેથી

કેટલો બધો આનંદ મેળવ્યો હતો. અમે પણ તેમનું નિર્ગમન થયેલું સાંભળ્યું, તેમ છતાંયે અમે આજે જીવિત છીએ. અમે, તેમના પ્રત્યેની ભક્તિનો અમારો જે દાવો કરીએ છીએ, તેને જોતા તો અમારે, તેમના જવાના સમાચાર સાંભળતાજ, દેહત્યાગ કરવો જોઈતો હતો. ધિક્કાર છે અમને ! અમે આ ધરતીપર ભારરૂપ છીએ. મારા આટલા બધા વર્ષો વ્યર્થ નિવડ્યા".

આ દુનિયામાંથી કૃષ્ણએ વિદાય લીધા બાદ, તરત જ કુંતીમાતાએ પોતાનો દેહ છોડ્યો, એ સમાચાર જ્યારે નગરજનો અને અન્ય બધાએ સાંભળ્યા, ત્યારે તેઓ ખૂબ વિલાપ કરવા લાગ્યા, કારણ કે રાણીમાંના અવસાન કરતા પણ કૃષ્ણની વિદાયનું દુઃખ તેમને મન ખૂબ વધારે હતું. કેટલાયે જણ તો આને લીધે ચિત્તભ્રમિત થઈ ગયા. કેટલાયે જણ દિવાલ ઉપર પોતાનું માથું પછાડવા લાગ્યા. તેઓને લાગ્યું કે જાણે હવે તેઓ લાચાર અને નિરાધાર થઈ ગયા છે.

બળતા અગ્નિમાં ઘી/પેટ્રોલ નાંખવા જેવું હોય એવું જાણે કે થયું હતું. આટલી મોટી વેદનાના **કઢાપામાં** અને દુઃખના ડુંગરો વચ્ચે, બમણા નુકસાન વચ્ચે, એકમાત્ર યુધિષ્ઠિર જ શાંતચિત્ત ધારણ કરી બેઠા હતા. તેમણે રાણીઓને સાંત્વના આપી, દરેકની સાથે મૃદુતાથી અને ધીરજપૂર્વકના વચનોથી વાત કરી. તેમણે બધાને કહ્યું કે પ્રભુની વિદાય કે મા ના દેહાવસાન પર દુઃખ કરવાનો કોઈ અર્થ નથી. પૂર્વનિયોજિત યોજનાનુંસાર દરેકનો પોતપોતાનો ભાગ ભજવવાનો હતો. "હવે યોગ્ય રીતે જીવીને આપણે આપણું ભવિષ્ય સુધારવાનું એટલું જ આપણે કરવાનું બાકી રહે છે". તેણે કહ્યું.

ધર્મરાજાએ અર્જુનને કહ્યું, ''વ્હાલા અર્જુનભ્રાતા, હવે બહું મોડુ ન કરવું જોઈએ. માતાની અંતિમ વિધિની તૈયારી સત્વરે કરવી જોઈએ. પરીક્ષિતને હવે રાજગાદીએ બેસાડી તેને રાજા બનાવવો જોઈએ. આજે રાત્રે જ આપણે હસ્તિનાપુર છોડવું જોઈએ. મને તો હવે દરેક ક્ષણ યુગ-યુગ જેટલી લાંબી લાગે છે." ધર્મરાજા હવે વિરક્ત બની ગયા હતા. પરંતુ અર્જુન તો સર્વ કાંઈ છોડી દેવા વધુ તત્પર બન્યો હતો. તેણે માતાનું માથું પોતાના ખોળામાંથી નીચે ઉતારી જમીન ઉપર મૂક્યું. તેણે નકુલ અને સહદેવને, પરીક્ષિતના રાજ્યાભિષેકની તૈયાર શરૂ કરવા જણાવ્યું. રાજા અને રાજકુમારોના નિર્ણયને અનુલક્ષીને જે કાંઈ તૈયારીઓ કરવાની હોય તે તૈયારીઓ કરવા તેણે મંત્રીઓ, અધિકારીઓ અને બીજા બધાને જરૂરી સૂચનાઓ આપી. તે સાચેજ બહુ વ્યસ્ત હતો. ભીમ, પોતાની જાતે, માતાના અંતિમ સંસ્કારની તૈયારીમાં લાગી ગયો.

મહેલમાં થઈ રહેલ ઘટનાઓ અને વિચિત્ર ગતિવિધિઓથી, મંત્રીગણ, નાગરિકો, પૂજારીઓ, ગુરૂજનો એ બધા જ, આશ્ચર્ય, આદર અને વિષાદ એમ ત્રણેય ભાવથી વિસ્મિત થઈ ગયા હતાં.

તેઓ બધા દુઃખ અને શોકમાં ડૂબેલા હતા પરંતુ, એ બધું તેમને પોતાની પાસેજ દબાવીને રાખવાનું હતું. તેઓને પણ વૈરાગ્ય ભાવનાની ભારે અસર થઈ હતી. આશ્ચર્યથી વિસ્મિત થઈ તેઓ બોલ્યા, "અરે! એમના કાકા અને કાકી, મહેલ છોડીને અચાનક જ ક્યાંક જતા રહ્યા, આ આઘાતથી વ્યથિત થઈ ગયેલાઓ ઉપર, કૃષ્ણની વિદાયના-વિરહના સમાચારે વધુ એક આંચકો ઝીક્યો. એમાય પછી માતાનો દેહવિલય થયો; અને પાછુ જુઓ માતાનો દેવ જ્યાં પડ્યો, તે ત્યાંથી ખસેડાતો નથી, ત્યાંજ તો ધર્મરાજા રાજ્યાભિષેકની તૈયારી કરવા લાગ્યા છે! અને એમાંયે તે, ધર્મરાજા બધુંજ કાંઈ-સત્તા, ધન-દોલત, પદ-પ્રતિષ્ઠા, અધિકારો-છોડવા તૈયાર થઈ ગયા છે અને ભાઈઓ સાથે વનગમન કરવાના છે. માત્ર આવું બધું, આ પાંડવો જ ધીરજથી અને પરિત્યાગની ભાવનાથી કરી શકે. તેમના જેવું કરી શકવાની હિંમત કોઈનામાં પણ ન હોઈ શકે.

થોડાક જ સમયમાં, અંતિમસંસ્કાર વિધિ પૂરી કરવામાં આવી. બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા. રાજ્યાભિષેકની વિધિ પણ ખૂબ સાદાઇથી કરવાનું ધર્મરાજાએ નક્કી કર્યું. રાજ્યના પેટા શાસકો અને ખંડીયા રાજાઓને આમંત્રણ ન આપવામાં આવ્યું. તેમજ નાગરિકો કે સમાજના અગ્રણીઓને પણ બોલાવવામાં ન આવ્યા.

જોકે, ભરત રાજ્યવંશના રાજ્યાભિષેકનો ઉત્સવ, એક રાજાને પવિત્ર સિંહાસનારૂઢ થવાની વિધિ, એ એક પ્રકારની ભવ્ય ઉજવણી ગણાતી. રાજ્યાભિષેકનો દિવસ મહિનાઓ પહેલાથી નક્કી થતો, મુહૂર્તનો સમય ખૂબ ઝીણવટતાથી ગોઠવાતો; અને વિશાળપાયે ભવ્ય આયોજન કરવામાં આવતું. પરંતુ, ખૂબ જ અલ્પ સમયમાં જે સાધનસામગ્રી હાથવગી મળી, જે પણ લોકો સાથે હતા તેમને લઇને બધું જ તૈયાર થઇ ગયું. પરીક્ષિતને વિધિવત સ્નાન કરાવવામાં આવ્યું, રાજ આભૂષણો પહેરાવવામાં આવ્યા, અને બ્રાહ્મણો અને મંત્રીઓ સમવેત તેમને રાજસિંહાસન તરફ દોરી લાવવામાં આવ્યા. તેમને સિંહાસન પર બિરાજમાન કરવામાં આવ્યા, અને જ્યારે ધર્મરાજાએ તેમના માથે હીરાજડિત રાજમુગુટ પોતાના હાથે પહેરાવ્યો, ત્યારે સભાગૃહ, શોકની ગર્તામાં ધકેલાઇ ગયો. જે રાજ્યસત્તા, લોકોના તાળીઓના અવાજના નાદથી અને આનંદની ચિચિયારીઓથી વધાવતી જોઈતી હતી, તેને બદલે દુઃખદ અને વ્યથાસહિત, તે ઘટના બાળક (પુત્ર) ઉપર છવાઇ ગઇ.

રાજ સિંહાસનાધિન થયેલ નવા રાજા પરીક્ષિત રડવા લાગ્યા. ખૂબ પ્રયત્નો કરવા છતાં પણ ધર્મરાજા ખુદ પોતાના આંસુઓને રોકી ન શક્યા. દર્શકોના હૃદયપટલ પર વેદનાની વ્યથા પ્રસરેલી હતી. ભાગ્યના લખાણને સાચું થતાં કોણ રોકી શકે? દરેક કાર્યને, યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે અને જે રીતે થવા દેવાનું હોય તે રીતે જ, નિયતિ બધુ કર્યે રાખે છે. માનવી નિયતિ સામે કશું જ નથી, તે દીનહીન છે.

પરીક્ષિત સુસંસ્કારી અને ગુણવાન પુત્ર હતા. દરેકના ચહેરા પર છવાયેલી ઉદાસિનતા તેણે નિહાળી. રાજમહેલમાં બનેલી ઘટનાઓ અને પ્રસંગોના તેઓ સાક્ષી હતા. તેમણે સિંહાસન પર બેસવાનું સ્વીકાર્યું, કારણ તેઓ મોટાઓના આદેશનું ઉલ્લંઘન કરવા માગતા નહોતા પરંતુ, એકાએક જ તેઓ ધર્મરાજાના ચરણે પડ્યા અને દયાપૂર્ણ રીતે આજીજીકરી, "મારા પ્રભુ! તમે જે કહેશો તે હું કરીશ, તમારું બધું માનીશ પરંતુ મહેરબાની કરીને, મારો પરિત્યાગ ન કરશો અને મને એકલો ન પાડશો. એમણે મહારાજાના ચરણ છોડ્યા જ નહીં અને રડતા રડતા આજીજી ચાલુ રાખી. જેમણે જેમણે આ દૃશ્ય જોયું, તેઓ સૌ રડી પડ્યા; કઠોર મનના જે લાગતા હતા, તેઓ પણ પોતાનું રૂદન રોકી ન શક્યા. આ એક સાચેજ ભયંકર, ભારે એવું હૃદયદ્રાવક દૃશ્ય હતું.

પરીક્ષિત, એમના પિતામહ, અર્જુનને ચરણે પડ્યા અને દયાજનક રીતે રડવા લાગ્યા, "પિતામહશ્રી, આખા સામ્રાજ્યનો ભાર મારે માથે મૂકી, તમે શાંતિથી કેવી રીતે મને છોડીને જઇ શકો છો? હું તો બાળક છું અને મને કાંઇ ખબર નથી. હું નાદાન છું. હું અણસમજું છું. મારી પાસે કોઈ લાયકાતો નથી. હું આવડત વિનાનો છું. તમારૂ આ રીતે જતા રહેવું બિલકુલ યોગ્ય નથી. જે સામ્રાજ્યને અત્યાર સુધી લાંબા સમયથી નામાંકિત વીરપુરૂષોએ ચલાવ્યું, તે બધું મારે માથે હવે મૂકીને તમે જાવ છો તે યોગ્ય નથી. અનેક પૂજ્ય અને આદર્શ એવા મહાનુંભાવો, યોદ્ધાઓ અને શાણા વ્યક્તિઓએ આ રાજ્યની ધૂરા સંભાળી. તમે જાતે પણ વનમાં જવા ઈચ્છો છો. આ (રાજ્યની) જવાબદારી ભલે બીજા કોઈ સંભાળી લે મને પણ તમારી સાથે વનમાં લઈ ચાલો". તેણે આજીજી કરી. ... (ક્રમશઃ)

## ભગવાનનો ક્રિસમસ સંદેશ

# ક્રિસમસનો અર્થ

"બાર વર્ષો સુધી જીસસ હેતુપૂર્વક શાંત અને એકાંતવાળી જગ્યાઓમાં ફરતા રહ્યા જે દરમ્યાન તેઓએ અભ્યાસ, આધ્યાત્મિક તાલીમ મેળવવા અને ઈશ્વરનું ધ્યાન કરવાનું કાર્ય કર્યું. એક-વાત ચોક્કસ છે કે, વ્યક્તિએ પોતાના શરીરનું રક્ષણ અને જાળવણી કરવી જોઈએ; શરીર એ દિવ્ય ભેટ મળેલ છે,-આ એક એવી સાધન સુસજ્જ નાવ છે કે જે દ્વારા માનવી આ ભવસાગર તરીને દિવ્યતાને પ્રાપ્ત કરી શકે છે. આ શરીરરૂપી નૌકામાં બિમારી થકી, આળસ થકી અને વૃદ્ધાવસ્થા થકી કાણા પડે અને લીક થવા લાગે તેમજ આ નૌકા વિચ્છિન્ન થઇ જાય, તે પહેલા જ આ જીવનધ્યેયને પ્રાપ્ત કરી લેવું જોઈએ. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યની સાવધાનીપૂર્વક કાળજી લેવી જોઈએ. તેમ છતાં, ધર્મના રક્ષણ કાજે અથવા દૈવ (સારાપણું કે ઈશ્વર) માટે પોતાના દેહનું બલિદાન આપવા પણ તૈયાર રહેવું જોઈએ. આ માટે જીસસનો આદર્શ નજર સામે રાખી શકાય".

<u>ભગવાને તાઃ૨૪ ડિસેમ્બર ૧૯૮૦ ના રોજ આપેલ ક્રિસમસ મેસેજમાં આવું કહ્યું હતું.</u>

**<u>તમારી અંદર રહેલ દિવ્યત્વને પ્રગટ કરો.</u>**

અવતારનો અર્થ આ છે : માનવજાતિને બચાવવા માટે, ઈશ્વર પ્રેમપૂર્વક, અત્યંત અનુરાગપૂર્ણતાથી અને કરૂણાભાવથી, માનવના સ્તર સુધી નીચે ઉતરી આવીને, તેનામાં દિવ્ય ચેતના જગાડવા માટે અવતરે છે. જ્યારે 'તે' તેને (માનવીને) પોતાની બહાર 'તેને' શોધવા ફાંફા મારતો જુએ છે ત્યારે તેનામાં તે પોતેજ 'તે' છે તેનું ભાન કરાવે છે કારણ 'તે' તેનામાં (માનવીમાં) વસેલો જ છે.

ઈશ્વર, સનાતન છે, સર્વશક્તિમાન છે, સર્વજ્ઞછે. 'તે' પોતે જ કાર્ય છે ને કારણ છે-કુંભાર પણ એજ છે, માટી પણ એજ અને ઘડોય એજ છે. ઈશ્વર વગર, વિશ્વ હોઈ જ ન શકે. 'તેણે' સંકલ્પ માત્ર કર્યો અને વિશ્વ નિર્માણ પામ્યું. આ તો 'એની' નાટિકા છે, એની શક્તિ, એનીજ વિજ્ઞતાને ધારણ કરીને બેઠો છે પરંતુ તે આની મહત્તાથી અજાણ છે. અજ્ઞાનના વાદળોએ સત્યને ઢાંકી દીધું છે. તે-ઈશ્વર સાધુ, સંતો અને દેવદૂતોને, આ સત્યને ઉઘાડવા/ઉજાગર કરવા માટે મોકલે છે અને તેને (માનવીને) જાગૃત કરી મુક્તિ અપવવા અવતારધારણ કરીને પોતાની જાતને પ્રગટ કરે છે.

**<u>જીસસે જે શિખવ્યું છે તેને અમલમાં મૂકવાનો નિશ્ચય કરો.</u>**

બે હજાર વર્ષ પૂર્વે, જ્યારે સંકુચિતતાએ, અહંતાએ, જડતાએ અને અજ્ઞાનતાએ માનવજાતિને ભરડામાં લીધી હતી ત્યારે જીવનના શ્રેષ્ઠ આદર્શોને લઇને જીસસ પ્રેમસ્વરૂપે કરૂણામૂર્તિ બનીને આવ્યા અને માનવજાતિ વચ્ચે રહ્યાં. જીવનના અલગ અલગ તબક્કાએ એમણે શું શું કહ્યું/શિખવાડ્યું તે તરફ તમારે ધ્યાન આપવું જોઈએ. સૌ પ્રથમ એમણે જાહેર કર્યું કે, "હું ઈશ્વરનો સંદેશવાહક છું". દરેક વ્યક્તિએ આ રોલ સ્વીકારવો જોઈએ અને દિવ્ય પ્રેમ અને ઔદાર્યના આદર્શ બનીને જીવન જીવવું જોઈએ; . ગુરૂએ-મુકરર/નિશ્ચિત સમયે ઊંઘમાંથી જગાડનાર ઘડિયાળ તરીકે વર્તવુ જોઈએ' તેણે સુતેલાને તેની ફરજ પ્રત્યે સભાન કરવા જોઈએ. ઉપનિષદો જાહેર કરે છે 'ઉત્તિષ્ઠ જાગ્રત'- ઉઠો-જાગો અને દરેક વિચાર, વાણી અને વર્તનમાં ઈશ્વરની હાજરી અનુભવો.

આ દિવસે, ક્રિસમસની ઉજવણી થાય છે. જીસસે જે શબ્દો ઉચ્ચાર્યા છે, જે સલાહ આપી છે, જે ચેતવણી આપી છે તે ધ્યાનમાં (મનમાં) લાવો અને 'એમણે' દર્શાવેલા માર્ગ ઉપર તમારા જીવનને ચલાવવાનો નિશ્ચય કરો. 'એમના' શબ્દો તમારા હૃદયપટલ ઉપર કોતરી રાખવા જોઈએ અને 'એમણે' જે શિખવાડ્યું છે તે પ્રમાણે તમારે તેનું પાલન કરવાનો નિશ્ચય કરવો જોઈએ.

**જીસસને કોઈના પ્રત્યે પણ ખરાબ ભાવ નહોતો.**

જીસસ જાણતા હતા કે ઈશ્વરી ઈચ્છા જ સર્વોપરી છે. આથી, જ્યારે વધ-સ્તંભ ઉપર તેઓ ખૂબ શારીરિક પીડા અને માનસિક યાતના ભોગવતા હતા, ત્યારે પણ એમના મનમાં કોઈનાયે પ્રત્યે દુજો ભાવ નહોતો અને તેમણે, તેમની સાથે જેઓ હતા તેમને ભારપૂર્વક બોધ આપતા કહ્યું કે, આ તો "એની" ઈચ્છા છે એમ માનીને બધા સાથે વર્તો. "બધા એક જ છે; દરેકના જેવા જ બનો". તમારા રોજીંદા જીવનમાં આવી વૃત્તિનું પાલન કરો. જો કે, આ મહાન સત્યમાં અડગ વિશ્વાસ જગાવવો એ બહુંજ અઘરૂ છે. અર્જુને જે ફરિયાદ કરી કે મન એવું છે કે-આસ્થા પરથી શંકા પર, એક નિર્ણય લીધો હોય તેની પરથી તેને નકારવા ઉપર, કુદતું જ રહે છે અને આ રીતે મુંઝવણો અને ગુંચવાડા ઉભું કરતું રહે છે, પરંતુ એને જીતવા માટે એક રસ્તો છે ખરો.

કાળી મધમાખી (ભમરો), કઠણમાં કઠણ લાકડામાં કાણું કરી શકે છે. પરંતુ જ્યારે સાંજ પડે છે ત્યારે તે કમળપુષ્પમાંથી અમૃત ચુસવાનું કામ કરી શકે છે. પરિણામે જ્યારે ખુલ્લી પંખુડીઓ બંધ થવા લાગે છે ત્યારે તે માખીને (ભમરાને) જેલમાં પુરાયા જેવું લાગે છે અને તે માની લે છે કે હવે અહીંથી નાસવાનો કોઈ માર્ગ નથી. મૃદુતા સાથે કઈ રીતે કામ લેવું તેની તેને જાણ જ નથી. તેજ પ્રમાણે, મન ગમે તેટલી યુક્તિ-પ્રયુક્તિઓ કરે અને નિરંકુશ બનીને બધે કુદાકુદ કરે, પરંતુ જ્યારે તેને ઈશ્વરના



ચરણકમળમાં મૂકવામાં આવે, તો તે તરત જ શાંત અને નિરૂપદ્રવી બની જાય છે.

મનને જો ઈશ્વરને પૂરી રીતે સમર્પિત કરવું હોય તો, દુન્યવી ઈચ્છાઓથી / માયાથી, અનાસક્તિ ભાવ કેળવેલો હોવો જોઈએ. ઉપરછલ્લી ભક્તિ કે છીછરી શ્રદ્ધા ક્યારેય સફળ થાય નહીં. કઠણ એવા ચંદનના ઝાડને તોડવા, ભારેખમ લોખંડની કુહાડી જોઈએ.

જીવનના આ તબક્કે, અનાસક્તિભાવ કેળવવાની, તરંગી મનને કાબુમાં રાખવાની અને તમારામાં જે દિવ્યતા નિહિત છે તેને પ્રગટ કરવાની એક વિશેષ સગવડયુક્ત તક છે. દિવ્યતા જ્યારે કાર્યમાં પરિણમે છે ત્યારે તે સાથીદારોની પ્રેમાળ સેવામાં પરિવર્તિત થાય છે. હૃદય, લોભ અને ગર્વથી મુક્ત થઈને શુદ્ધ બની જાય છે.

## દેહનું બલિદાન આપવા માટે હંમેશ તૈયાર રહો.

બાર વર્ષ સુધી જીસસ હેતુપૂર્વક, શાંત અને એકાંતવાળી જગ્યાઓમાં, પોતાની જાતને અભ્યાસમાં, આધ્યાત્મિક તાલીમ અને ઈશ્વરના ધ્યાનમાં વ્યસ્ત રાખીને ફરતા રહ્યાં. જોકે એક વાત ચોક્કસ છે કે વ્યક્તિએ પોતાના શરીરનું રક્ષણ અને જાળવણી કરવી જોઈએ; શરીર એ માનવીને મળેલી દિવ્ય ભેટ છે,-આ એક એવી સાધન સુસજ્જ નૌકા છે કે જેના સહારે માનવી આ ભવસાગર તરીને દિવ્યતાને પ્રાપ્ત કરી શકે છે. આ શરીરરૂપી નૌકા બિમારી, આળસ કે વૃદ્ધાવસ્થાને કારણે લીક થવા લાગે, તેમાં કાણા પડી જાય અને આ નૌકા વિચ્છિન્ન થઇ જાય, તે પહેલા જ આ જીવનધ્યેયને પ્રાપ્ત કરી લેવું જોઈએ. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યની વ્યવસ્થિત કાળજી રાખવી જોઈએ. તેમ છતાં, ધર્મના રક્ષણ કાજે અથવા દૈવ (સારાપણા કે ઈશ્વર) માટે પોતાના દેહને સમર્પિત કરવા તૈયાર રહેવું જોઈએ. આ માટે જીસસનો આદર્શ નજર સામે રાખો.

દરેક યુગમાં મુશ્કેલીઓ ઉભી થતી જ હોય છે.- સાંપ્રત સમયમાં આવેલા અને પૂર્વાધાર ચાલી આવતી બાબતો વચ્ચે અથડામણ-સિદ્ધાંતો કે જેમને પવિત્ર માનવામાં આવતા હોય, મંત્ર કે જેમને વિશુદ્ધ માનવામાં આવતા હોય, શું કરવું અને શું ન કરવું તેવા નિયમોનું નિષ્ઠાપૂર્વક કરાતું પાલન, અને તેના અંતર્ગત રહેલું સત્ય. વૈદિક આસ્થાના ક્ષેત્રમાં પુરાતનીય પરંપરાઓને સાચવનારાઓ અને ઊંડા અર્થ અને સમજણ ધરાવનારાઓ વચ્ચે આજે પણ સંઘર્ષ જોવા મળે છે.

## વિચાર, વાણી અને વર્તન – એકજ (સરખા) હોવા જોઈએ.

ગુંચવણો અને સંઘર્ષો જે-નૈતિક, સૈદ્ધાંતિક, ભૌતિક, પ્રૌદ્યોગિક કે આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધક નિવડતા હોય, તેમને ઉકેલવા માટે માનવી પાસે શ્રેષ્ઠ ઉપાય એ છે કે, તેણે (માનવે) જેવું જીવન જીવવું હોય તે રીતે જ જીવન જીવીને દિવ્યતાની ઉંચાઈ કે જે તેની વાસ્તવિક્તા છે તેને આંબવી જોઈએ. આજ એક શાશ્વત વૈશ્વિક બોધ છે. વિચારો કે જે બુદ્ધિના ચોકઠામાં દૃશ્યમાન થાય છે તે બધા મનમાં લાગણી સ્વરૂપે પ્રતિબિંબિત થવા જોઈએ અને તે જ વિચારો હાથો વડે કાર્યમાં પરિણમવા જોઈએ. વિચાર, વાણી અને વર્તનમાં સુસંવાદિતા હોવી જોઈએ-ન કે જુદા જુદા.

ક્રિસમસ એટલે ક્રાઈસ્ટના જન્મદિને મોટી સંખ્યામાં જે બધા ભેળા મળે તે. આ એક મૂળભૂત રીતે તો ધાર્મિક રીત-રસમ છે. તેને પીવા અને નાચગાન સાથે જોડવી તે તદ્દન ખોટુ છે. આ દિવસ પ્રાર્થનામાં વિતાવવો જોઈએ. માત્ર આ જ દિવસ નહીં પરંતુ પ્રાર્થના એ જીવનપદ્ધત્તિનો હિસ્સો બની જાય, તેવી સાધના વિકસાવવી જોઈએ. દુન્યવી બાબતો માટેની પ્રાર્થના ઈશ્વર સુધી નથી પહોંચતી; તે તો તે તે બાબતો સંભાળનાર દેવતાઓ સુધી જ પહોંચે છે. પરંતુ સાચા પ્રેમમાંથી પ્રગટેલી પ્રાર્થનાઓ, સેવા કરવા માટે નિઃસ્વાર્થપણે આતુર મનની ભાવનાઓ અને બધાને સમાવી લેતું હૃદય-એ જ ઈશ્વર સુધી પહોંચે છે. કારણ ઈશ્વર એ પ્રેમસ્વરૂપ છે. આપણે જાણીએ છીએ કે આપણે ચંદ્રપ્રકાશમાં જ ચંદ્ર જોવાનો છે. તે જ પ્રમાણે ઈશ્વર જે જાતે જ પ્રેમ છે તેને જોવો અને પામવો હોય તો તે પ્રેમ દ્વારા જ શક્ય છે. પ્રેમ જ ઈશ્વર છે-પ્રેમમાં જ જીવો. આ સંદેશ હું આપને આપુ છું.

**- તા.૨૪ ડિસેમ્બર ૧૯૮૦ ના રોજ શ્રી સત્ય સાઈ સિનિયર બોઈઝ હોસ્ટેલ, વિદ્યાગિરી ખાતે ભગવાને આપેલ દિવ્ય પ્રવચન.**

# દિવ્ય માલિક સાથેની મંત્રમુગ્ધ કરનારી ક્ષણો

રાણી સુબ્રમણ્યમ્

સ્વામીએ પ્રશાન્તિ નિલયમ (પુટ્ટપર્થી ગામમાં આવેલા જૂના મંદિરથી નિકળીને) માં રહેવાનું શરૂ કર્યું તેના થોડા વર્ષો પછી, તેમણે આશ્રમમાં "ઓમ" ના જાપ કરવાની પ્રથા શરૂ કરી. તેમણે જાહેરાત કરી કે તમામ ભક્તોએ ભજન હૉલમાં ભેગા થવું જોઈએ અને તેમને જાપ કરવાની સાચી પદ્ધતિ શીખવવામાં આવશે. આમ, આ “ઓમકારા સત્ર”, દરરોજ વહેલી સવારે, 3.30 વાગ્યે, બ્રહ્મ મુહૂર્ત (દૈવી શુકનવંતા સમય) થી શરૂ થયા. દેખીતી રીતે પછીથી, સ્વામીએ આ સત્રોનો સમય બદલી નાખ્યો.

**સ્વયં આદિપુરૂષ પાસેથી પ્રણવની શિક્ષા.**

આ મહાવરો શરૂ થયાના થોડાક દિવસો પછી તેઓ અમારા રૂમમાં આવ્યા. મારી નાની બહેનને કોટેજ ફાળવવામાં આવેલું, પરંતુ સ્વામીએ મને તે સંજોગોમાં એક પણ કોટેજ ફાળવવાની ના પાડેલી. તેઓ રૂમમાં પ્રવેશ્યા અને અમને બન્નેને ભોંયતળિયા પર બેસવાનું કહ્યું. તેઓ પોતે પલાઠીવાળીને જમીન પર અમારી સામે જ બેસી ગયા. ત્યાર પછી તેમણે પૂછ્યું, "શું તમે 'ઓમકાર'ના જાપનો હેતુ જાણો છો? હું તમને 'ઓમકાર'નો અર્થ કહીશ અને તમને તેનો જાપ કરવાની યોગ્ય રીત પણ શીખવીશ. તે યોગ્ય રીતે થવું જોઈએ”!

તેમણે 'ઓમકાર'ની શક્તિને સમજાવતા કહ્યું કે તે અંતઃકરણ-માનસ, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને શુદ્ધ કરે છે. તેમણે વધુમાં કહ્યું કે તે જીવાત્મા (વ્યક્તિગત આત્મા) જેમાં સમાયેલ છે તે તમામ કોષો અથવા આવરણોને શુદ્ધ કરે છે: અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોશ. "આવા શુદ્ધિકરણ દ્વારા' તેમણે કહ્યું. 'ઓમકાર' વ્યક્તિને તેની દિવ્યતાની નજીક લઈ જાય છે."

ત્યાર બાદ અમારા માટે તે પોતે 'ઓમકાર' નો જપ કરતા અને તેમની જેમ ચોક્કસપણે તેમની પાછળ અમે 'ઓમકાર'નું રટણ કરતા. તે દિવસોમાં સ્વામી માટે ખૂરશીઓ નહોતી. તે ખાલી જમીન પર બેસીને મંત્રોચ્ચાર કરતાં. અમે તેમને અનુસરીને શીખવાનો સન્નિષ્ઠ પ્રયત્ન કરતા.



થોડાક દિવસો પછી ફરીવાર તેમણે અમારી મુલાકાત લીધી અને કહ્યું. "હું તે જોવા આવ્યો છું કે તમે કેટલી સારી રીતે 'ઓમકાર'નો જાપ શીખ્યા? મને જોવા દો, ચાલો 'ઓમકાર' કરો. તેમણે અમને 'ઓમકાર'નો જાપ કરતા સાંભળ્યા અને સંતોષ વ્યક્ત કર્યો. અને ત્યાર બાદ અમને દરરોજ તેનો જાપ કરવાની સૂચના આપી.

**મંત્રોપદેશ.**

થોડાક દિવસ પછી જ્યારે અમને સ્વામીની હાજરીનો લાભ મળ્યો ત્યારે અમે પ્રશ્ન

કર્યો, "સ્વામી, અમારી પાસે કોઈ મંત્ર નથી. અમે સાંભળ્યું છે કે આધ્યાત્મિક માર્ગમાં મંત્રનો જાપ ખૂબ જ મહત્વપૂર્ણ છે. શું તમે અમને ઉપદેશ આપીને મંત્રની દીક્ષા આપશો? તેમણે કહ્યું, “ના! હું મંત્ર નથી આપતો.

આ પછી સ્વામીએ, તે સમયે સ્પષ્ટતા કરેલી કે તેઓ શુદ્ધ અદ્વૈતવાદી (દ્વૈત નહીં) છે અને 'ઓમકાર' તેનું પ્રતિનિધિત્વ કરે છે. જો કે અમે તેમના આ વિધાનના સાચા અર્થને સમજી શક્યા નહીં. 'ઓમકાર' નો સાચો અર્થ થાય છે 'પરબ્રહ્મ', જે નામ, રૂપ કે આકારથી પર છે, તેવું ભગવદ્ ગીતામાં સમજાવ્યું છે. તે વખતે અમે આ પવિત્ર ગ્રંથ વાંચેલ નહોતા, કે ન તો તેની પાછળનો ખ્યાલ અમે જાણતા હતા. સ્વામીને ખબર હતી કે અમે હજુ સુધી તેની ઊંડી, સમજૂતિ માટે તૈયાર થયેલા ન હતા તેથી તેમણે માત્ર 'ઓમકાર' નો જાપ કરવાનું જ કહેલું, અને અમારા માટે તે જ સારું હતું.

તે વખતે અમે નિરાશાવશ થઈને તેમને પૂછ્યું, "સ્વામી, તો પછી અમને મંત્ર કેવી રીતે મળશે?" તેમણે અમને મંત્ર માટે ભગવાનને પ્રાર્થના કરવાનું કહ્યું, અને અમને એવી ખાતરી આપી કે અમને મંત્ર મળશેજ." “પણ તમારે દ્રઢ રહેવું જોઈએ,” તેમણે કહ્યું, “તે યોગ્ય સમયે તમારી પાસે આવશે. ત્યાં સુધી પ્રાર્થના કરતા રહો.”

"પરંતુ અમે અમારી વિનંતીઓ પર અડગ રહ્યાં. "જ્યાં સુધી અમને મંત્ર મળે નહીં, ત્યાં સુધી અમારે શાનું રટણ કરવું?" તેમણે કહ્યું, "તમારામાના દરેકને એક ઈષ્ટદેવતા હશે. એક ખાસ પ્રકારનું સ્વરૂપ જે તમને ગમતુ હશે. ક્યા સ્વરૂપને તમારે પસંદ કરવું તે હું તમને સૂચવીશ નહીં. પરંતુ તમે એક સ્વરૂપ પસંદ કરો. જો તમને રામ ગમતા હોય તો 'ઓમ સાઈરામ' નો જાપ જપો, જો તમને કૃષ્ણ ગમતા હોય તો "ઓમ સાઈકૃષ્ણ"ને રટો. યાદ રાખો તમારે બે ગુરૂઓ હોય છે. એક તમારા ઈષ્ટ દેવ (પસંદ કરેલ દેવ) અને બીજા ગુરૂ, જે તમને ઉપદેશ કરે છે." ત્યાર બાદ તેમણે દેખીતી રીતે જ હળવા લહેકામાં કહ્યું, "જો તમને મારું નામ ગમતું હોય તો એજ રીતે તેનો જાપ કરો."

ત્યાર બાદ તેમણે મને પૂછ્યું કે મને ક્યું સ્વરૂપ ગમે છે. મે સ્વીકાર્યું કે મને કૃષ્ણ વધારે ગમે છે. તેનું કારણ એ છે કે રામ કરતા કૃષ્ણ સાથે હું વધુ સહેલાઈથી જોડાઈ જાઉ છું. કારણ, તેઓ પોતાના લોકોની વચ્ચે હરતા ફરતા, તેમનો પ્રેમ અને બીજું ઘણું બધું મને અસર કરતું. રામ ખૂબ ગંભીર અને દરેક વસ્તુમાં વધુ ચૂસ્ત/કડક હતા! સ્વામીએ કહ્યું, તે બધું ઠીક છે, કારણ કે પસંદગી મારા પર આધાર રાખતી અને તેમાં તેમને કોઈ ફરક નહોતો પડતો. આ સૂચના સ્વામીએ અમને ચારેયને એટલે કે મારી બહેનોને અને મને આપી હતી. આ ઘટનાના કેટલાક મહિનાઓ પછી અમારામાના દરેકને સ્વપ્નાઓમાં, અમારા પ્રારબ્ધ અને અમારા ગમા પ્રમાણે એકેક મંત્ર પ્રાપ્ત થયો.

મને પુટ્ટપર્તિમાં મંત્રોપદેશ મળ્યો ન હતો. તેને બદલે મને નાગપુર, જ્યાં હું તે સમયે રહેતી હતી ત્યાં મંત્ર મળેલ. મંત્ર મળતા જ હું પુટ્ટપર્તિ આવી પહોંચી અને થોડાક સમય પછી સ્વામી અમારા રૂમ પર આવ્યા. મેં તેમને કહ્યું કે મને મંત્ર પ્રાપ્ત થયેલ છે. તેમણે કહ્યું, "તે ખુબ સારી વાત છે. મને કહો તમને ક્યો મંત્ર મળ્યો? મેં જ્યારે તેમને તે કહ્યો, ત્યારે તેમણે મને ચેતવણી આપી કે કોઈએ આ બધી વસ્તુ બધાને બધી રીતે કહેવાય નહીં. આમ છતાં, તેમણે કહ્યું કે તે મારા ગુરુ છે અને તેથી તે ઉચિત જ હતું. તેમણે મને યાદ કરાવ્યું કે મેં જ્યારે તેમની પ્રથમ વખત મુલાકાત લીધી હતી ત્યારે તેમણે મને પાદપૂજા કરવાનું કહ્યું હતું અને મને સમજાવ્યું હતું તેનું કારણ આ જ હતું. તેથી જ તો પૂજા કરવાનું કહેલ. અમે તે વખતે સમજ્યા પણ નહોતા કે તે અમારા ગુરુ છે!.

આમ છતાં મને કંઈક એવુ લાગતું જે ચિંતા કરાવતું હતું. મેં વિચાર્યા વિના જ કહી નાંખ્યું,

"સ્વામી, મને રામ મંત્ર મળ્યો છે. મારા ઈષ્ટદેવ તો કૃષ્ણ છે, છતાંયે તમે માનો છો કે આ યોગ્ય છે?" તેમણે કહ્યું, "શા માટે તમે તફાવત જુઓ છો? બધા સ્વરૂપો એક છે. કેટલાક કારણોસર, તમને રામ મંત્ર મળ્યો છે. આદરપૂર્વક સ્વીકારો. જો તમે સ્વરૂપોમાં તફાવત જોવાનું ચાલુ રાખશો, તો મંત્રની અસરકારકતા ઓછી થઈ જશે. 'રામ'ને તમારો મંત્ર માનો, કૃષ્ણને તમારા ઇષ્ટદેવતા માનો, પરંતુ ભેદ/વિભાજનની જાણ કર્યા વિના તેનો જાપ કરો. પછી, તમે ચોક્કસ ચેતનાની તે સ્થિતિમાં પહોંચી જશો. તમે ભાગ્યશાળી છો કે આટલો સરસ મંત્ર મળ્યો છે." તે દિવસથી મને મળેલા મંત્રનો જાપ કરું છું.

**<u>કોડાઈ કેનાલ જવા માટે દૈવી આમંત્રણ.</u>**

તે દિવસો દરમ્યાન, સ્વામી અમને મોટે ભાગે ઉનાળામાં તેમની મુલાકાત લેવાનું કહેતા. તેઓ કહેતા કે તે સમયે ઓછા લોકો હોય, જગ્યા વધારે શાંત હોય અને તેથી અમારી સાથે વધારે સમય વિતાવી શકાશે. તેથી ઉપરોક્ત ઘટના પછીના એક ઉનાળામાં, હું મારી નાની બહેન જે બ્રહ્મચારીણી છે તે, મારી ૯ (નવ) વર્ષની પુત્રી અને મારી ૪ (ચાર) વર્ષની ભત્રીજી સાથે અમે પુટ્ટપર્તિ આવ્યા. અમે જ્યારે આવ્યા ત્યારે સ્વામી પુટ્ટપર્તિમાં જ હતા. જો કે, થોડા દિવસો પછી, અણધારી રીતે તે અમને જાણ કર્યા વિના કારમાં પુટ્ટપર્થીથી નીકળી ગયા.

અમે કસ્તુરી કાકા પાસે ગયા અને તેમને સ્વામીના ગંતવ્ય સ્થળ અને પાછા ફરવાની તારીખ વિશે પૂછ્યું. તેમણે અમને કહ્યું કે સ્વામી કોડાઈકેનાલ ગયા છે. નિરાશ થઈ અમે કસ્તુરી કાકાને પૂછ્યું, "શું થઈ રહ્યું છે? અમે દૂરથી પુટ્ટપર્તિ સ્વામી સાથે સમય વીતાવવાના એક માત્ર હેતુથી આવ્યા પરંતુ તેમણે અમને રઝળતા છોડી દીધા. ન તો અમને પાછા ફરવાની રજા આપી કે ન તો અમને જાણવા દીધું કે તેઓ ક્યારે પાછા ફરવાના છે. અમે હવે શું કરીએ?" કસ્તુરી કાકાએ અમને, તેમને પત્ર લખવા કહ્યું, તેમને કહો કે તમે લોકો તેમની રજા વિના પુટ્ટપર્તિ છોડી શકતા નથી. તે તમને દિવસ આપશે કે તમારે ક્યારે પાછા ફરવું- આ એક પ્રણાલી છે જે તમારે અનુસરવી જ જોઈએ". આ રીતે અમે સ્વામીને કસ્તુરી કાકાએ આપેલા સરનામા પર પત્ર લખ્યો. પત્ર આ પ્રમાણે હતો, "સ્વામી, તમારે ખાતર અમે અહીં આવ્યા પણ તમે અમને એકલા છોડી જતા રહ્યાં. હવે અમારે શું કરવું જોઈએ? તમારી હાજરી વિના અમારો પુટ્ટપર્તિમાં રોકાવાનો કોઈ હેતુ સરતો નથી. શું અમારે પાછા ફરવું જોઈએ? અમારે શું કરવું તે અંગે તમે અમને કહો? ત્યાર બાદ અમને સ્વામી તરફથી એક તાર મળ્યો તેમાં ફક્ત એટલું જ લખ્યું હતું કે, "કોડાઈકેનાલ તરફ આગળ વધો અને મારી સાથે રોકાવ". અમે ખુશ થઈ ગયા અને ચેન્નાઈ ગયા. કોડાઈકેનાલ ખાતે એક બહેન કે જે અમારી નજીકની બહેનપણી હતી, તેનો, અમારી નિવાસની વ્યવસ્થા માટે અમે સંપર્ક કર્યો. તેણી શ્રી રામકૃષ્ણની ભક્ત હતી, તેણી ત્યાં બે બંગલા ધરાવતી હતી. કમલા સારથિની પુત્રી અને બીજી અન્ય બે બહેનપણીઓ અમારી સાથે જોડાઈ. અમેં પાંચ પુખ્યવયના અને બે બાળકો એમ મળી સાત જણાનું ગૃપ થયું. અને મારી બહેનપણીની મદદથી બે મહિના માટે બંગલાની વ્યવસ્થા કરી લીધી. હવે સમસ્યા માત્ર એટલી હતી કે આ સ્થળ, સ્વામીના રહેઠાણથી ખૂબ દૂર હતું. પરંતુ તે વખતે માત્ર તે જ બંગલો ઉપલબ્ધ હતો.

કોડાઈકેનાલમાં અમારા આગમનના પહેલાજ દિવસે અમારામાંના પાંચ અને બે બાળકો ટેકરી પરના સ્વામીના નિવાસ સ્થાન સુધી ચાલીને ગયા કે જે શ્રી વેંકટમુનિનો સુંદર બંગલો હતો. જેવા અમે સુશીલમ્મા (શ્રીમતી વેંકટમુનિ)ના ઘરની નજીક પહોંચ્યા, ત્યારે અમે સ્વામીને કારમાં ક્યાંક જતા જોયા, તેમની સાથે બે-ત્રણ લોકો હતા. શ્રી રાજા રેડ્ડી કાર ચલાવી રહ્યા હતા અને સ્વામી તેમની બાજુમાં બેઠા હતા અને કારની પાછળની

બેઠક પર બે સજ્જનો બેઠા હતા.

સ્વામીએ અમને આવતા જોયા, કાર રોકી અને બૂમ પાડી: “રાણી મા, અહીં આવો. ચિંતા કરશો નહીં. હું કોડાઈકેનાલ છોડીને બીજે ક્યાંક જતો નથી. અહીં રહો. હું બે દિવસ પછી પાછો આવીશ. મારા એક ખૂબ જ પ્રિય ભક્ત ગંભીર રીતે બીમાર છે. તેને મારા દર્શન જોઈએ છે.” તેથી, તેમણે અમને કોડાઈકેનાલમાં રહેવા કહ્યું અને દરરોજ સુશિલામ્માના મકાને બપોરનું ભોજન લેવાનું કહ્યું. તેઓ પાછા ફર્યા પછી, અમે નાસ્તો અને રાત્રિભોજન બહાર કરતા હતા. પરંતુ મોટા ભાગનો સમય સુશિલામ્માના મકાને સ્વામી સાથે ગાળતા. ત્યાં અમને બપોરનું ભોજન અને ચા આપવામાં આવતી.

**મોક્ષ પરના પાઠ.**

આ દિવસોમાં, એક દિવસે તેમણે અમને રૂમ પર બોલાવ્યા અને કહ્યું, "આધ્યાત્મિક માર્ગના ત્રણ તબક્કાઓ હોય છે. તમે બે તબક્કા વટાવી રહ્યાં છો. ત્રીજો તબક્કો ઓળંગવો થોડોક કઠિન છે. પહેલા બે તબક્કા ચાલવા કે ફરવા જવા જેટલા સહેલા છે. ત્રીજો તબક્કો એક પ્રકારની છલાંગ મારવા જેવો કહેવાય. બહુ ઓછા લોકો તે કરી શકે છે, અને લોકો ત્યાં જ અથડાય છે કે અટકે છે."

હવે ભગવદ્ ગીતા વાંચ્યા પછી હું સમજી ચૂકી છું કે સ્વામી ત્રીજો તબક્કો એટલે મોક્ષ અથવા મુક્તિને કહેતા હતા. મોક્ષ મેળવવો ખૂબ મૂશ્કેલ છે. કોઈ પણ વ્યક્તિએ અહંકારથી સંપૂર્ણપણે છૂટકારો મેળવવવો જોઈએ, અને દિવ્ય ચેતનામાં કાયમ રહેવું જોઈએ. અર્થ (ધન) કે કામ (આસક્તિઓ) જેવી દુન્યવી ઈચ્છાઓ મન ઉપર હાવી થવી ન જોઈએ. આ છેલ્લી અવસ્થા જે મનથી પણ મુક્તિની સ્થિતિ છે. મન એક એવી સ્થિતિ છે કે જે તમને વિચારતા કરે છે કે તમે એક દેહ છો. તે તમને કહે છે કે તમે કોઈનાપુત્ર છો, બીજી કોઈ વ્યક્તિના ભાઈ છો અને એ પ્રમાણે ઘણું બધું-વગેરે વગેરે.

સ્વામીએ વાત ચાલુ રાખતા કહ્યું, "છેલ્લા તબક્કે પહોંચવું ખુબ મુશ્કેલ છે. પણ તમારે ત્યાં પહોંચવું જ પડશે. ઘણી બધી મુશ્કેલી તમારા માર્ગને કઠિન બનાવશે. તમારે તમારી અંદર ઉતરવુ પડે અને ઉત્તર મેળવવો પડે. સ્વામી તમને કોઈ પણ સ્થિતિનું કઈ રીતે સંચાલન કરવું તે શીખવશે તેથી અહંને દૂર કરો."

આ સમગ્ર ઉપદેશ (સૂચના) આપણે કેવી રીતે 'હું' અને 'મારુંજ' ની લાગણીઓને સંપૂર્ણપણે ઉખાડી નાંખવી પડે તે અંગે હતી. તેટલા માટે જ તેમણે મને પુટ્ટપર્તિમાં રહેવા માટે ઓરડો ફાળવેલ નહોતો. તેમણે કહ્યું, "તમે 'તુ' અને 'તારું જ' પર કાર્ય કરી રહ્યા છો. શા માટે તમને મારે રૂમ આપવો જોઈએ? તે વસ્તુ તમને નીચેના એટલે કે 'હું' અને 'મારૂ જ' ના સ્તરે લાવી દેત, જો હું તેવું કરૂં તો. છેલ્લી છલાંગ લગાવવા માટે, તમે સૌ કેટલા ભયભીત છો અને તમને તે કરવું ગમે નહીં તેવું છે. તો કરો નહીં. સ્થિર જળમાં દુર્ગંધ આવવા લાગે છે. તારે તો નદીની માફક વહેવાનું છે. જે શુદ્ધ છે. જે કાંઈ મુશ્કેલીઓ/વિટંબણાઓ આવે તેનો પ્રતિકાર કરો. કારણ કે તે તો કસોટીઓ છે. તેને પસાર કરવી જ પડે. બાબા તમને પરીક્ષામાંથી પસાર કરાવી રહ્યાં છે અને તમારી સક્રિયતા પર જ તમે સફળ થશો કે નિષ્ફળ-એનો આધાર છે. ભયભીત ન થશો. હું તમારી જોડે જ છું. એક સમયે એક ડગલું ભરો. વધારે ને વધારે છોડો/ત્યાગો-સ્થિરતા જાળવી રાખો. પ્રતિક્રિયા આપો નહીં. જો કોઈ દંભી ડોળ કરનાર હોય તો તમે શાંત અને સ્વસ્થ બનો. તમે તમારા અહંકારને કારણે જ પ્રતિક્રિયા કરો છો. છલાંગ લગાવો અને હું તમને મદદ કરીશ. થોભો નહીં, અટકો નહીં. (ક્રમશઃ)

( શ્રી સત્યસાઈ મીડીયા સેન્ટરના સૌજન્યથી.)

**આશરે ૬૦ વર્ષથી લેખિકા એક ધાર્મિક અને સમર્પિત ભક્ત છે. ૧૯૫૦ ના અરસામાથી ભગવાન બાબા પાસે આવેલા અને બાબા તેમને 'રાણીમાં' કહીને બોલાવતા. તેમનું જીવન સ્વામીના દેવત્વ અંગે ઝગારા મારતા અનુભવોના ખજાનાનો પટારો હતું.**

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના અનુભવો

જ્યોત્સના રેડ્ડી

હું મહારાષ્ટ્રથી આવું છું તેથી મારી માતૃભાષા મરાઠી છે અને આપણે સૌ મૂળભૂત રીતે શિરડી સાઈ બાબાના ભક્તો છીએ. મારા દાદા-દાદી સીતાબાઈ દિક્ષિત અને સખારામ દિક્ષિત ૧૯૧૫-૧૬ માં શિરડી સાઈ બાબાની મુલાકાત લેતા હતાં. ૧૯૧૫ માં જ્યારે મારા દાદી મારા પિતાને લઈને શિરડી ગયા હતાં ત્યારે શિરડી સાઈ બાબાએ તેમને કહ્યું હતું કે "તમારો પુત્ર ખૂબજ પ્રતિભાશાળી બનશે, કલાકાર બનશે". બાબાએ તેમને આશીર્વાદ આપ્યા હતાં તેથી મારા પિતા પ્રખ્યાત સંગીત નિર્દેશક, જેને તમે બધા 'પાંડુરંગ દિક્ષિત' તરીકે જાણો છો. તેઓ માત્ર સંગીત દિગદર્શક જ નહિ, પરંતુ ચિત્રકાર, ફિલ્મ નિર્માતા, રાષ્ટ્રીય પ્રતિષ્ઠિત કવિ પણ હતાં. મારા મમ્મી વિનોદિની દિક્ષિત સૂવર્ણચંદ્રક વિજેતા શાસ્ત્રીય ગાયિકા હતાં. તેઓ શિરડીસાઈ બાબાના ભજનો તેમજ ભક્તિગીતો ગાતાં હતાં.

૧૯૬૫ માં જ્યારે સ્વામી મુંબઈ આવ્યા હતાં ત્યારે તેઓ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી પી. કે. સાવંતની સાથે રોકાયા હતાં. શ્રી સાવંતે મારા માતા-પિતાને સ્વામીની સામે થોડા ભજનો ગાવા માટે આમંત્રણ આપ્યું હતું. દિવ્ય પ્રવાસની આ એક સુંદર શરૂઆત હતી.

સ્વામીએ મારી માતાને પહેલી વાર ભજન ગાતા સાંભળ્યા હતાં. સ્વામીને ભજનો એટલા બધાં ગમ્યા કે તેમણે તેમને પુટ્ટપર્તિ આવવા આમંત્રણ આપ્યું. બીજા દિવસે સ્વામીએ તેમને ફરીથી બોલાવ્યા. આગલા દિવસે હું તેમની સાથે નહોતી પરંતુ બીજા દિવસે હું તેમની સાથે હતી. હું ત્યારે માત્ર ૧૯ વર્ષની હતી. અને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજની વિદ્યાર્થીની હતી. હું સંસ્કૃતની વિદ્યાર્થીની હતી. તેથી બીજા દિવસે જ્યારે સ્વામીએ બોલાવ્યા, ત્યારે હું પણ તેમની સાથે ગઈ હતી. અને મેં કહ્યું, "સ્વામી, ગઈ કાલે મારા સિવાય બધાંને વિભૂતિ મળી. કારણ કે કાલે હું નહોતી આવી. તો મહેરબાની કરીને મને થોડી વિભૂતિ આપો". તેમણે તરત જ વિભૂતિ ઉત્પન્ન કરી અને મને આપી.

સ્વામી મારા પિતાને 'દીક્ષિત' કહેતા હતાં. 'દિક્ષિત' નહીં. તેમણે કહ્યું, "દીક્ષિત, પુટ્ટપર્તિ આવો". તેમણે મારા માતા-પિતાને ૧૯૬૫ માં દશેરા ઉત્સવ પર બોલાવ્યા. તેથી અમે બધાં મારા પિતાની વેનમાં પુટ્ટપર્તિ ગયા. આખું કુટુંબ અને મિત્રોનું મળી કુલ ૧૩ સભ્યોનું મોટું ગૃપ હતું. અમારો ડ્રાયવર રસ્તો ભૂલી ગયો તેથી અમારે ચિત્રદુર્ગ થઈને આવવું પડ્યું. અને તે દિવસે અમે કેવી રીતે અહીં આવ્યા તેની ખબર નથી. અમે આશ્રમમાં બહુ મોડા પહોંચ્યા પરંતુ કરૂણાસાગર સાઈ અમારી રાહ જોઈ રહ્યાં હતાં. સ્વામીએ કહ્યું, "તેમને કેન્ટીનમાં લઈ જાઓ". તે એક જુની કેન્ટીન હતી જ્યાં શ્રી સુરય્યા ઈન્ચાર્જ હતાં. સ્વામીએ કહ્યું, "આ બધાં બોમ્બેવાળા છે. તેમને ચપાતી પીરસો". તેથી કેન્ટીનના લોકોએ અમને ચપાતી પીરસી અને સ્વામીએ પોતે તેના ઉપર ઘી આપ્યું. અરે પ્રભુ ! અમારાં માટે આ એક રોમાંચ ભર્યો અનુભવ હતો. અમે આનાથી ખૂબ પ્રભાવિત થયા. અંતે તો તેઓ દયાસાગર છે. અને પછી તેમણે અમને શ્રીમતિ અને શ્રી રતનલાલ સાથે રહેવા કહ્યું. જ્યાં હમણાં ઈસ્ટપ્રશાંતિ છે. તે જગ્યાએ નાના ઓરડાઓ હતાં અને અમારે બધાંએ તેમાંજ વ્યવસ્થા કરવાની હતી. કારણકે અમે ૧૩ લોકો હતાં. કેટલાંક લોકો બહાર ઓસરીમાં રોકાયા અને બીજા કેટલાક લોકો અંદર ઓરડામાં રહ્યાં. પરંતુ અમને ખૂબ જ આનંદ થયો. બધી અસુવિધાઓ ભૂલાય ગઈ.

તે વખતે બે ઓરડા અને એક મોટી ઓસરી

હતી. એક ઓરડો દિક્ષિત પરિવાર માટે અને એક ઓરડો રતનલાલ પરિવાર માટે હતો. તેઓ તેમની બહેન અને ભત્રીજી સાથે હતાં. અમારા પરિવારમાં મારા વૃદ્ધ દાદીમાં, મારી માતાનાં માતા-પિતા હતાં. તેથી અમે બધાં ત્યાં ગયા અને ખૂબ સરસ રીતે સમય પસાર કર્યો. બીજા દિવસે સવારમાં અમે મંદિરના ભજન હૉલમાં ગયા, ત્યારે મેં કોઈને ખૂબ જ મધુર સ્પર્શીજાય તેવા સ્વરમાં ગાતા સાંભળ્યા. પૂછપરછ કરતાં ખબર પડી કે તે શ્રી રાજા રેડ્ડી હતાં. અને તેમની સાથેનો મારો આ પહેલો પરિચય હતો. બીજા દિવસે સવારે દશેરાનો તહેવાર હતો. અને સ્વામીએ અમને બોલાવ્યા ત્યારે પૂર્ણચંદ્ર હૉલ નહોતો. ત્યાં એક લાકડાનો મંચ હતો. જ્યાં સ્વામી શિરડી બાબાની મૂર્તિ મૂકતા હતાં- (જે હવે ભજન મંદિરમાં છે) અને તેના પર વિભૂતિનો અભિષેક કરતાં હતાં. તે સમયે શ્રી કસ્તુરી માટલીને ઊંધી પકડતા અને સ્વામી તેમાંથી વિભૂતિ કાઢી મૂર્તિ પર અભિષેક કરતાં. જ્યારે પણ સ્વામી તેમાંથી હાથ બહાર કાઢતા, વિભૂતિનો પ્રવાહ બંધ થઈ જતો. અને અમે આ જોઈને ખૂબ જ રોમાંચિત થઈ ગયા હતા. કારણ કે અમે આવું ક્યારેય જોયું નહોતું. મારા માતા-પિતા પણ અભિભૂત થઈ ગયા અને તેમણે કહ્યું કંઈક અદભૂત છે.

અને પછી સ્વામીએ કહ્યું, "દીક્ષિત, તારો ભક્તિમય કાર્યક્રમ સાંજે થશે". તો મારા માતા-પિતા તો તૈયાર થઈ ગયા. તેમણે ખાસ કરીને કેટલાંક તેલુગુ ગીતો તૈયાર કર્યા હતાં. જો કે તેમને તેનો અર્થ શું થાય તે ખબર નહોતી. અને પછી સાંજે એ જ લાકડાના મંચ ઉપર કાર્યક્રમ રાખવામાં આવ્યો. એ સમયે ફક્ત પેટ્રોમેક્સની જ લાઈટો હતી. તેઓએ ગમે તે રીતે પુટ્ટપર્તિની ભીડનું સંચાલન કર્યું અને સ્વામીએ પોતે જ મારા માતા-પિતાનો પરિચય કરાવ્યો. તેમણે કહ્યું, "દીક્ષિત દંપતિ આવી ગયું છે. તેઓ શ્રી શિરડી સાઈ બાબાના જુના ભક્ત છે. તેઓ હવે તમારા સૌની સમક્ષ ભજન ગાશે. ખૂબ જ સરસ ભજનો, તમને બધાંને આનંદ થશે". પાછળથી અમને ખબર પડી કે સ્વામીએ શું કહ્યું હતું. કારણ કે સ્વામી તેલગુમાં બોલતા હતાં. પછી તેમણે કહ્યું, "દીક્ષિત, અભી ભોલા ભંડારી ગાઓ. મારા પિતાને શિસ્તની ખબર નહોતી. તેમણે હિંમતથી કહ્યું, "ના સ્વામી, હમણા નહિ, અમે હંમેશા ભક્તિમય કાર્યક્રમને અંતે જ ભોલા ભંડારીનું ભજન ગાઈએ છીએ." સ્વામીએ ખૂબ જ નમ્રતાથી કહ્યું, "ઠીક છે. ઠીક છે. કાંઈ વાંધો નહિ". આ શરૂઆત હતી. સ્વામીને કાર્યક્રમ ખૂબ જ ગમ્યો. ઈન્ટરવલ સમયે સ્વામી અમને અંદર લઈ ગયા. તે સમયે મહેલો દોરેલા મોટા પડદાનો પૃષ્ઠભૂમિ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો.

પછી સ્વામી અમને અંદર લઈ ગયા. અને કહ્યું, "ભજન તો બહુત અચ્છા હુઆ" તેઓ સીધા મારી પાસે આવ્યાં અને મને પૂછ્યું, "તુમ નહીં ગાઓગી?". મેં કહ્યું, "મારી પાસે અવાજ નથી અને મને ગાતા આવડતું નથી. કૃપા કરીને મને ક્ષમા કરો, સ્વામી". પણ સ્વામીએ કહ્યું, "તુમ આજ સે ગાઓગી". જ્યારે પણ સ્વામીની ઈચ્છા હોય ત્યારે સ્વામી વિભૂતિ ઉત્પન્ન કરે છે. તેથી તેમણે વિભૂતિ ઉત્પન્ન કરી અને મને આપી અને કહ્યું, "ખાઓ" મેં તેમનો પ્રસાદ લીધો અને તે ખાધો. અને તેમણે ફરીથી કહ્યું, "આજ સે તુમ ગાઓગી". પરંતુ તે દિવસે પણ હું ગાઈ શકી નહીં. કારણ કે કઈ રીતે ગાવું એ આવડતું નહોતું. માત્ર સ્વામીને ખુશ કરવાં અને તેમની આજ્ઞાનું પાલન કરવા હું મારા માતા-પિતાની પાછળ બેઠી અને તાલ માટે મંજીરા વગાડવાનું શરૂ કર્યું. બીજા દિવસે સ્વામીએ અમને ઈન્ટરવ્યુમાં બોલાવ્યા. અને મને કહ્યું, "આજે તે ગાયું નહિ, હું જોઈશ કે તું ગાશે". તેમણે મારા પિતાની માતા સીતાબાઈ દિક્ષિત સાથે વાત કરી. તેઓ શિરડીસાઈ બાબાના પ્રખર ભક્ત હતાં. અને તેમણે સ્વામી સાથે વાત પણ કરી. તેમણે અગાઉના અવતાર (શિરડી સાઈ) ને જોયા હતાં. સ્વામીએ

તેમને અંદર બોલાવ્યા. તેઓ બીજી કોઈ ભાષા જાણતા નહોતા. તેઓ માત્ર મરાઠી ભાષા જાણતા હતાં. સ્વામીએ તેમની સાથે ખૂબ વાતો કરી. જ્યારે તેઓ બહાર આવ્યા, તેમની આંખોમાં આંસુ હતાં. અને તેમણે કહ્યું, "તેઓ મારા શિરડી સાઈ બાબા છે. તેઓ મારા શિરડી સાઈ બાબા છે." કારણ કે શિરડી સાઈ બાબા સાથે તેમણે જે વાતો કરી હતી તેને સ્વામી દોહરાવતા હતાં.

અને પછી તેમને ખાતરી થઈ ગઈ તે દિવસોમાં તેઓ કવિતા લખતાં હતાં. તેથી તરત જ તેમણે થોડી પંક્તિઓ લખી, "શિરડી પર્તિ ચા સંગમ ઝાલા" (અહીં શિરડી પર્તિનો સુંદર સંગમ છે) તેથી આ પહેલો સંપર્ક હતો કે સ્વામીએ અમને બતાવી આપ્યું કે તેઓ જ શિરડી સાઈ બાબા છે. તેમણે કહ્યું, "તમને શા માટે સંદેહ છે? આ અમારા જીવનનો એક મોટો વળાંક હતો.

- લેખક શ્રીમતિ જ્યોત્સના રેડ્ડી, સ્વર્ગસ્થ શ્રી બી.વી.રાજા રેડ્ડીના પત્ની જેઓ ભગવાનની સાથે રહ્યાં. ઘણાં વર્ષો સુધી તેમની સેવા કરી અને તેઓ પ્રતિભાશાળી ભજન ગાયક હતાં.

# દુનિયાની એકતા હાથવેંતમાં છે

બહુ જ ટૂંક સમયમાં, સમસ્ત વિશ્વમાં એકતા સ્થપાઇ જશે અને ભારતનું એમાં મોટું નામ અને મહાન કીર્તિ હશે. આજથી ૨૮ વર્ષના ગાળામાં સમસ્ત દુનિયામાં એકતા સ્થપાશે. દરેક જણને પોતાને ભારતીય કહેવડાવવામાં ગૌરવનો અનુભવ થશે. કોઇ એમ નહિ કહે કે, 'હું કર્ણાટકનો છું', 'હું કેરળનો છું.' ઇત્યાદિ, તમે જ્યાં જાઓ ત્યાં એમ કહેશો કે, 'હું ભારતથી આવ્યો છું.' કર્ણાટક અને બીજાં બધાં રાજ્યો ભારતનાં જ અંગ છે. ભારત વગર, તામિળનાડુ કે કર્ણાટક કેવી રીતે હોય ? આ બધી સીમાઓ રાજકારણ અને રાજકીય પક્ષોને કારણે ઊભી થઇ છે. આપણે કોઇ પક્ષ-પાર્ટીના છીએ જ નહિ. આપણી એક જ પાર્ટી છે, અને તે છે પ્રેમ, પ્રેમ, પ્રેમ! (જોરથી તાળીઓ) માટે, તમારે પ્યાર કેળવવો. પછી જ્યાં જાઓ ત્યાં તમારૂં સન્માન થશે. પછી લોકો તમારે જે મદદ જોઇએ તે કરશે અને તમને પોતાનાં ભાઇ-બહેન તરીકે રાખશે.

પ્રેમ હંમેશ નિઃસ્વાર્થ હોય છે. મનુષ્યમાં સ્વાર્થનો અંશ પણ ન જોઇએ. પણ પોતાની મેળે જ કોઇકવાર માણસ સ્વાર્થ, ક્રોધ, ઘૃણા ઇત્યાદિ પોતામાં ઉગાડી લે છે. એ કંઇ ઇશ્વરે આપેલા નથી. ઇશ્વરે દરેકને સરખે ભાગે પ્રેમ જ વહેંચ્યો છે. માણસમાં ગમે તે ખામી હોઇ શકે પણ પ્રેમ તો એનામાં અનંત છે. માટે પ્રેમ કેળવો. પ્રેમ કરતાં કોઇ મોટી શક્તિ, હિંમત કે શૌર્ય છે જ નહિ. સીતા જ્યારે લંકામાં કેદ હતી ત્યારે રામ પ્રત્યેનો પ્રેમ એ એક માત્ર એની તાકાત હતી. એ તલવાર તાણેલી રાક્ષસીઓથી ઘેરાયેલી હતી. છતાં એ બિલકુલ ગભરાઇ નહોતી કારણ એ સતત ''રામ, રામ'' નો જપ કરતી હતી. એનામાં સતત જપના કારણે રામ પ્રતિના પ્રેમનું બળ હતું. તેથી જ એ દસ મહિના ત્યાં રહી છતાં કોઇ એને અડી પણ શક્યું નહિ. આવો નિશ્ચલ પ્રેમ તમને બધું જ આપે છે. તેથી તમારે આવો દૃઢ પ્રેમ જાળવી રાખવો. આપણે દુનિયામાં આનો પ્રચાર કરવાનો છે. બધાંએ પ્રેમ સ્વરૂપ બનીને રહેવું. દરેક લોકની સુખાકારી કાજે પ્રાર્થના કરવી. ''સમસ્ત લોકાઃ સુખિનઃ ભવન્તુ'' બધાએ શાંતિ અને સુખ મેળવવાં. આપણી આ એકમાત્ર કામના હોવી જોઇએ. હું તમને બધાને પ્રેમ કરું છું. મારે કોઇને માટે ખરાબ લાગણી નથી. કોઇક વાર કોઇને સુધારવા માટે હું કડક શબ્દો વાપરું, પણ મારા મનમાં કોઇની વિરુદ્ધ કંઇ જ નથી. તમે જ્યારે સ્વામીના આદર્શોને અનુસરશો અને બધાને માટે પ્રેમ રાખશો ત્યારે તમારું જીવન પાવન થશે. તમે જ્યારે આવું કરશો ત્યારે તમારા મા-બાપ, ભાઇઓ, બહેનો, મિત્રગણ, સગાંવહાલાં બધાં સુખી થશે.

(ભગવાને પોતાનું પ્રવચન ''હરિ ભજન બિના સુખશાંતિ નહીં...'' એ ભજન વડે સમાપ્ત કર્યું.)

- ભગવાનના આશિર્વચનમાંથી, સાઇ કુલવન્ત સભાગૃહમાં, તારીખ ૨૨મી નવેમ્બર ૨૦૦૮, શ્રી સત્ય સાઇ વિશ્વવિદ્યાલયના ૨૭મા પદવીદાન પ્રસંગે.

# ભગવાન શ્રી સત્ય સાઈ બાબા સાથેના મારા અનુભવો

ડૉ. ગોતેતી સરસ્વતી

હું જ્યારે સ્વામી પાસે ગઇ, ત્યારે દુનિયાની રીત-ભાતો જાણતી નહોતી. હું માત્ર દવાખાનાઓ અને દર્દીઓ વિશે જ જાણતી હતી. મારા પિતાએ એવું કહેલું કે, એક ડૉકટર તરીકે જ સેવા કર, અને તમને કહું છું કે હું માત્ર માટીનો પીન્ડ હતી. સ્વામીએ તે માટીના પીન્ડને લઈ, જેવી અત્યારે હું છું તેવી રીતે ઘડી કાઢી. તે માત્ર સ્વામી જ હતા જેમણે મને તૈયાર કરી. કોની જોડે કેવી રીતે વાત કરવી, બીજાઓની સમક્ષ કેવી રીતે વર્તવુ, સ્ત્રીઓ જોડે કેમ વાત કરવી, દુનિયા સાથે કેવી રીતે વ્યવહાર કરવો, તે દરેક વસ્તુ તેમણે મને એક મા-બાપ જેમ બાળકને કહે તે રીતે શીખવી. જ્યારે ડૉકટરની મીટીંગ હોય, ત્યારે તે તેઓને કહેતા, "અહીં જુઓ. તમે એક સરકારી દવાખાનામાંથી નિવૃત્ત થયા છો. એક સરકારી ડૉકટર તરીકે તમે હજુ તમારા ક્રોધથી મુક્ત થયા નથી. સરસ્વતી અને તેણીના કુટુંબને જુઓ. એક ખાનગી ડૉકટર્સ તરીકે તેઓ કેવી રીતે વાત કરે છે, તે જૂઓ. તે પ્રમાણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્વામી શીખવતા. સ્વામીના કારણે જ હું (આવી ઘડાઈ) છું.

**<u>સ્વામી કેવી રીતે પોતાના ભક્તોને ઘડે છે.</u>**

વાતચીતમાં સ્વામી અમને માત (હાર) આપતા. કેટલીય વખત ઠપકો આપતા. તેમણે કહ્યું "હવે જૂઓ! તમે અત્યારે સાંભળતા નથી!" જ્યારે કેટલાક ચશ્મા (કાચ) આપવામાં આવ્યા હતા ત્યારે એક ગ્લાસ નીચે પડી ગયો હતો. "તેને યોગ્ય રીતે પકડો !," તેમણે કહ્યું. મે કહ્યું, "હું તેને કેવી રીતે પકડી શકુ, સ્વામી? આધાર નાનો છે અને ગ્લાસ મોટો છે તે કેમ ન પડી શકે?" તે વખતે તેમણે કહ્યું, "જૂઓ, અહીં તમે તમારી ભૂલ સ્વીકારતા નથી !" એક વખત તેમણે મને કહ્યું, "મેં તમને સીધા જવાની સૂચના આપેલી પરંતુ રસ્તામાં આવતી દિવાલો અને પદાર્થોને જોયા વગર સીધા જ જાવ છો. તમે શા માટે તેમ જાવ છો? મેં પ્રત્યુત્તર આપ્યો કે, તમે સીધા જવાનું કહ્યું તેથી સીધા જવા સિવાય શું કરી શકુ! હું બીજો માર્ગ ન જાણું છુ પણ તમે કહ્યું સીધા જાવ તેથી હું માત્ર તેને જ અનુસરી રહી છું. જો હું ખોટા રસ્તે જાઉ તો તમારે મને સાચા માર્ગે વાળવી જોઈએ. તે તમારી ફરજ છે ! ".

આ રીતે મૌખિક દ્વંદયુદ્ધ થતાં અને જ્યારે તેઓ અમારે ઘેર આવતા, ત્યારે ઘણાં બધા દેખાવ પૂરતા દ્વંદયુદ્ધો થતા. "તમારું ક્ષેત્ર 'કોણસીમા' નહીં પરંતુ 'કોટિસીમા' (વાનરોનો પ્રદેશ) તેમણે કહ્યું. મેં કહ્યું, "હા, અલબત આ તે પ્રદેશ નથી કે જ્યાં વાનરોએ તમને સહાય કરેલી?" સ્વામીએ કહ્યું, "તું પણ કવિ બની ગઈ છે," મેં કહ્યું, "જ્યારે તમે મારી જોડે હો ત્યારે હું કવિ ન બનું? મને બધી જ પ્રતિભાઓ મળશે" મેં કહ્યું. ખૂબજ નજીકના હોવાને નાતે, અમારા ઘરમાં હોવાના કારણે, માત્ર અમારા કુટુમ્બના માત્ર એક સદસ્ય તરીકે જ નહી પરંતુ અમારી જાતને, તેમણે એટલો બધો આનંદ આપ્યો, અમને અદ્વૈત સત્ય (દ્વંદ વગરનું સત્ય) બતાવ્યું કે હવે દ્વૈત (બેવડા ધોરણ) તરફ જવાની જરૂર નથી, કારણ કે અમને તે અદ્વૈતનો અનુભવ છે. તેમાંની આવી ઘણી બધી વસ્તુઓ છે.

**<u>તૂટલું માદળીયુ / તાવીજ.</u>**

જ્યારે મારી બહેનનો દિકરો જયદેવ અમારે ઘેર આવેલો, ત્યારે તે માત્ર એક કે બે વર્ષનો હતો. તેઓ પુટ્ટપર્તિ ગયેલા. જ્યારે તે માત્ર એકજ મહિનાનો હતો. ઈંટલી ખાતી વખતે તે કહેતો "બાબા ખાઓ" અને ફોટાને સ્પર્શ કરતો. જ્યારે પૂછવામાં આવ્યું કે "તું શું કરી રહ્યો છે, ફોટો બગાડી રહ્યો છે?" તે કહેતો, "હું બાબાને જમાડતો હતો". એક વખત તેણે સ્વામીનો ફોટો કૂવામાં ફેંકી દીધો.

જ્યારે મેં તેને આમ કરવાનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે તે બાબાને સ્નાન કરાવી રહ્યો છે. બાળક સ્વામીને અમારામાંના જ એક માનતો હતો. અમે જ્યારે સ્નાન કરતા તો બાબાએ સ્નાન કરવું જોઈએ. તેથી જ તેણે બાબાના ફોટાને કૂવામાં ફેંક્યો હતો. તેને બાબા પ્રત્યે ખૂબ પ્રેમ અને ભક્તિ હતી. તે અત્યારે પણ છે.

તમે અમારી વેદી (બાજઠ) જોયેલો છે, ખરૂને ! અભરાઈ પર એક ઘોડાની તસ્વીર છે તે અમારો ઘોડો હતો. આ મોટર ખરીદતા પહેલા ગામડાઓમાં દર્દીઓને મળવા ઘોડા પર જતી. હું હજી હમણાં જ પુટ્ટપર્તિથી આવી હતી. મારો ઘોડો ખૂબ ઉત્સાહી (જુસ્સાવાળો) હતો. તેને મારી જરૂર રહેતી. હું તેની પાસે જતી નહીં અને બીજાઓ જોડે વાતો કરતી, તે કારણે તે ગુસ્સે થતો. તે સમય દરમ્યાન ઘોડાગાડીના ચાલકે તેના માટે ખોરાક મૂક્યો. આ છોકરો નજીકમાં જ રમતો ગયો અને ઘોડાના ખાવામાં તેનો હાથ મૂક્યો, ક્રોધિત થઈને ઘોડાએ તેના નાકથી ફૂંફાડા સાથે તેને ધક્કો માર્યો. બાળક ઉછળી પડ્યો અને જ્યારે તે નીચે પડ્યો ત્યારે ઘોડાએ બરાબર તેના હૃદય પર જ પગ મૂકી દીધો. ગાડી ચાલક મારી પાસે દોડતો આવ્યો અને રડતા રડતા કહ્યું કે બાળક મૃત્યુ પામ્યો છે. ગામડાના લોકોએ ઘોડાની ઉગ્રતાના કારણે તેને 'ચંડી' એવું નામ આપેલું. "ચંડીએ બાળક પર પગ મૂક્યો છે". તેણે કહ્યું. બાળકને ઉંચકી લેવા માટે હું દોડી ગઈ પરંતુ મેં જોયું તે બાળક તો પોતાની જાતે ઉભો થઈને બહાર આવ્યો. બીજી વખત જ્યારે હું પુટ્ટપર્તિ ગઈ ત્યારે સ્વામીએ મને પૂછ્યું, "શું સમાચાર છે, દરેક જણ કેમ છે?, ઘરે બધા કેમ છે?" આવુ સામાન્ય રીતે સ્વામી પૂછતા. અગાઉ જ્યારે તેઓ બાળક સાથે પુટ્ટપર્તિ આવેલા ત્યારે સ્વામીએ તે બાળકને એક તાવિજ/માદળીયુ આપેલું. તે મજબૂત-ચળકતા પદાર્થથી મઢેલું હતું. તે માદિળયું તેના ગળામાં ચળકતું રહેતું. જતા પહેલા મેં તેને પૂછ્યું, "હું સ્વામી પાસે જાઉ છું. તારે સ્વામીને કંઈ કહેવું છે?" ત્યારે તોતડાતા અવાજે તેણે કહ્યું, માદળિયુ/તાવિજ તૂટી ગયું છે" તેથી મેં સ્વામીને કહ્યું તે બાળકે માદળિયું/તાવિજ માંગ્યુ છે. સ્વામીએ કહ્યું, ''તાવિજની હવે જરૂર નથી. તાવિજનું કામ હવે પૂરૂ થઈ ગયું છે". તે તાવિજ જ તેના હૃદય અને ઘોડાના પગની વચ્ચે આવેલું. સ્વામીએ તેનાથી ચંડીને અટકાવેલો અને તેથી તાવિજ તૂટી ગયું હતું. બાળક ખૂબ જ નિર્ભય હતો. જો તેની માતા ગુસ્સે થઈને કહેતી કે તેણી તેને છાપરા પરથી ફેંકી દેશે તો તે કહેતો "ફેંકો, બાબા મને ઝીલી લેશે".

**<u>દિવ્ય તારણહાર/સંરક્ષક.</u>**

એક વખત અમે એક જિલ્લા પરિષદમાં ભાગ લેવા કાકીનાડા ગયેલા. વરસાદ પડી રહ્યો હતો. હું મારી કારમાં નહીં પરંતુ ટેક્ષીમાં ગઈ હતી. મારી સાથે બીજા બે ભક્તો હતા. અમારી પાછળ બીજી કાર હતી જેમાં કેટલાક દર્દીઓને અન્યત્ર રીફર કરવામાં આવેલા. જેવું અમે મંદાપેટા વટાવ્યું કે ત્યાં કેટલાંક ટ્રેકટર્સ કાળા કાદવના મોટા મોટા ગચ્છા છોડતા છોડતા જઈ રહ્યાં હતાં. અને અમારી ગાડી ત્રાંસી લપસવા લાગી,. જ્યારે ડ્રાયવર તેને કન્ટ્રોલ કરવા પ્રયત્ન કરી રહ્યો હતો. પરંતુ તે પેલી બાજુ ખસતી જતી હતી. એક બાજુ સીધો ઢોળાવ અને બીજી બાજુ ખેતરો હતા. કાર લપસી જતાં ડ્રાઈવર ગુસ્સે થઈ ગયો. અમારી પાછળની ગાડીમાંથી તેઓ કહી રહ્યાં હતાં કે આગળની ગાડીએ નિયંત્રણ ગુમાવ્યું છે અને તે બધા મૃત્યુ પામ્યા છે. મેં ડ્રાઈવરને કહ્યું ચિંતા ના કરતા. એક્સીલેટર પરથી તમારો પગ હટાવી લો. ચાલો આપણે જોઈએ તે શું કરે છે?" બે વ્હીલ્સ રસ્તા પરથી છૂટા પડવાની તૈયારીમાં હતા. મેં વિચાર્યું કે સ્વામી કેવું મૃત્યુ તમે અમારા માટે નક્કી કર્યું છે?. આવતી કાલના છાપામાં ચોક્કસ આવશે કે જે ગાડી આ રીતે પડી રહી હતી તેને કીડીના નાનકડા રાફડા/ટેકરાએ અટકાવી દીધી. તે

વરસાદમાં બમ્પર (ગાડીનો લોખડનો પટ્ટો) કીડીના રાફડા સાથે અથડાયું અને કાર થોભી ગઈ. દરેક જણ બહાર આવ્યું અને કારને ધકકો મારી દૂર રસ્તા પર ચડાવી દીધી.

આવા તો ઘણા બધા પ્રસંગો હતા. એક વખત અમે વિશાખાપટ્ટનમથી પાછા ફરી રહ્યાં હતા. ટુની અને અન્નાવરમ વચ્ચે કારનું પૈડું અલગ થઈ ગયું હતું અને ક્યાંક પડી ગયું હતું. તે પણ આગળનું વ્હીલ હતું, જે જોખમી બની શકે તેમ હતું. ડ્રાઈવરે બૂમ પાડી, “કૃપા કરીને નીચે ઉતરો. કારમાંથી વ્હીલ છૂટુ પડી, દૂર જતું રહ્યું છે. બધા નીચે ઉતર્યા. અમારી પાસે કોઈ ટોર્ચ(બેટરી) ન હતી. અમે વિચાર્યું કે હવે સવારે જ આગળની મુસાફરી શરૂ કરીશુ અને સાંજે પહોંચી જઈશું. તે બિચારો અંધારામાં ક્યાં વ્હીલ શોધવાનો હતો? બરાબર તે જ વખતે એક મોટી ઉમ્મરનો ખેડૂત, એક હાથમાં નાનકડો દીવો (ફાનસ) અને બીજા હાથમાં ભાથુ (જમવાનું) લઈને ત્યાં આવ્યો. "શું થયું.. શું થયું, મેડમ ?" તેણે પૂછ્યું. મેં કહ્યું, "દાદા અમારી ગાડીનું એક વ્હીલ નીકળી ગયું છે. તેણે પૂછ્યું "તમારી પાસે ટોર્ચ નથી?" મેં "ના" કહી. તેમણે કહ્યું જુઓ, આ ફાનસ લઈ જાઓ અને વ્હીલ શોધો," તેમણે કહ્યું. ખેતરોમા વ્હીલની શોધ કરતા, ગાડીનું વ્હીલ મળી આવ્યું અને ફરી પાછુ તેને લગાડી દીધું. આ પ્રમાણે જ્યારે ચાલી રહ્યું હતું, ત્યારે હું તે ખેડૂત સાથે વાતો કરી રહી હતી."રાત્રિનો એક વાગ્યો છે, અર્ધી રાતે તમે ક્યાં જઈ રહ્યાં છો?" મેં પૂછ્યું. તેમણે કહ્યું, "આ ખેતરની પેલે પાર અમારા ખેતરો છે, અમ્મા." અને આ ભાથુ શા માટે?" મેં પૂછ્યું. તેમણે કહ્યું "અમારો છોકરો સવારથી ત્યાં છે. તેણે ખાધુ નથી. હું તેના માટે ભોજન લઈ જઈ રહ્યો છું." તે દરમ્યાન કારનું વ્હીલ બરાબર ગોઠવાઈ ગયું. જેવી અમે ગાડી શરૂ કરી કે તે ખેડૂત અદૃશ્ય થઈ ગયો. ત્યાં કોઈ જ નહોતું. રાત્રિનો એક વાગ્યો હતો. આવા ઘણાં બધા પ્રસંગે સ્વામી અમારૂ રક્ષણ કરતા. આ જીવનમાં આવી ઘણી બધી ઘટનાઓ ઘટેલ છે.

એક દિવસ ભક્તો સામાજિક કાર્ય માટે જઈ રહ્યા હતાં. હું ત્યાં નજીકમાં જ ઉભી હતી. કોઈ કામ કરતી નહતી. સ્વામીએ કહ્યું અહીં જૂઓ, તમે પણ કામમાં જોડાવ". તેથી મેં પણ કામ શરૂ કરી દીધું. ઘાસ ખેંચી કાઢવું, દૂર ફેંકવું અને બીજુ વિગેરે વિગેરે તે સ્થળ તૈયાર કર્યા પછી અન્નદાનમ્ કરવાનું હતું. ગરીબોને જમાડવાનું હતું. કારણ કે તેઓ દશેરાની ઉજવણી પહેલા પ્રથમ દિવસે તેમ કરતા હતાં. અમને અગાઉથી કાંઈક સમાચાર મળેલા હતા કે કેટલાક ચોર જેલમાંથી નાસી છૂટેલા છે અને તેથી દરેકને સાવચેત રહેવાની ચેતવણી અપાયેલી. આખુ ટોળું ત્યાં આવી પહોંચ્યું તે વખતે ત્યાં માત્ર થોડાક નાના અને એકાકી ઓરડા હતા. તેમની અને મંદિરની વચ્ચે એક વિશાળ ખૂલ્લી જગ્યા હતી. સાદડીઓ પાથરવામાં આવી હતી અને ભોજન પીરસાઈ રહ્યું હતું. એક માણસ ત્યાં આવ્યો અને સાદડીને ઉચકીને ફેંકી. રેતી ચારે બાજુ ઉડી. તેણે કહ્યું, "ઉઠો. અમે એવું માનીને આવેલા કે તમે કપડા આપશો. આ શું છે? તમે તો માત્ર ભોજન આપી રહ્યા છો. ત્યારબાદ તેઓ જતા રહ્યા. કેટલાંક લોકો ત્યાં રહ્યાં, તેઓએ ખાધુ. હું નીચે ઉભી હતી. સ્વામીએ ઉપરના માળેથી કહ્યું, "હું જમવાનું આપી રહ્યો હતો, જેથી કરીને તેઓને ક્યારેય આવનારા ઘણા જન્મો સુધી ભૂખ્યા ન રહેવું પડે. તમે જોયું તેનું કર્મ કેવું હતું? તેઓએ તો ભોજનનો ઈન્કાર કર્યો તે કારણે ભવિષ્યના કેટલાક જન્મોમાં ભોજન મેળવવું તેઓને માટે મુશ્કેલ બનશે."

સ્વામી તેમની માતાને "ગ્રિહમ અમ્માયી" (ઘરની સ્ત્રી) કહેતા અને તે જ રીતે તેમના પિતાને 'ગ્રિહમ અબ્બાયી' (ઘરના સદગૃહસ્થ) કહેતા. જ્યારે દાદા (સ્વામીના પિતા) સ્વધામ ગયા, ત્યારે સ્વામીએ મને જણાવ્યું કે "હું ગ્રિહમ અમ્માઈને લાવીને તમારા રૂમમાં રાખીશ. તમને કાંઈ વાંધો છે?." "તમારે એવુ કેમ પૂછવું પડે છે, સ્વામી? હું

આનંદથી તેમની સંભાળ રાખીશ. મે કહ્યું. "મને ખબર છે તમે કડક બનશો. લોકો આવશે, અને તેણીને રડાવશે. તેથી તેની તમે સારી સંભાળ લેશો." તેમણે કહ્યું તે રીતે તેઓ તેણીને અમારા રૂમમાં છોડીને ગયા, અને તેણી? તે શાંત રહી શક્યા નહિ. તેણીએ કહેવાનું ચાલુ રાખ્યું, "જુઓ, મારા ભાઈ આવ્યા છે. મહેરબાની કરીને તેને અંદર આવવા દો. જૂઓ રાજલક્ષ્મી આવેલ છે. મહેરબાની કરીને તેણીને અંદર આવવાનું અને મને મળવાનું કહો. આમજ ચાલતું જ રહ્યું. જન્મ દિવસ આવ્યો પરંતુ તે રડી રહી હતી. "હું, ત્યાં આ સ્થિતિમાં નહીં જાઉં. આવતી કાલે સ્વામીનો જન્મ દિવસ છે". તેણીએ કહ્યું, મેં તેમને કહ્યું, "ચિંતા ન કરો. જે બનવાનું હતું તે બની ગયું". મેં રાજા રેડ્ડીને જાણ કરી. તેઓ ત્યાં આવ્યા અને પૂછ્યું કે શું વાત છે?. મે તેમને કહ્યું કે મા બોલાવે છે. મહેરબાની કરીને અંદર જાવ અને તેમને જુઓ. જ્યારે તેઓ આવ્યા ત્યારે ઈશ્વરઅમ્માએ કહ્યું, "રાજા, આવતી કાલે સ્વામીનો જન્મ દિવસ છે. હું શું કરૂ?", "હું સ્વામીને કહીશ" તેમણે કહ્યું. પરંતુ મેં દરેક વસ્તુ તૈયાર રાખેલી. શ્રીફળ, હાર-તોરા, ફૂલો દરેક વસ્તુ. બીજા દિવસે સવારે સ્વામીએ પહેલુ કામ પીળા રંગનો મખમલનો ઝભ્ભો પહેરવાનું કર્યું. સ્વામી મારા રૂમ તરફ આવ્યા. મધ્યમાં એક ઓરડો હતો. તે રૂમમાં ઈશ્વરઅમ્માનો પલંગ હતો. તે આવ્યા ને ત્યાં બેઠા, શ્રી કસ્તુરી તેમની પાછળ તેલ અને ગલગોટાના ફૂલો લઈને આવ્યા. મેં કોઈને મંજૂરી આપી ન હતી, જાણે હું ગુસ્સામાં હોઉં. તે બધા હાર તેઓ સ્વામીને અર્પણ કરશે અને પ્રસાદ તરીકે ફૂલો આપશે. હળદર લગાડવામાં આવી. તેણીએ તેમને પ્રસંગને અનુલક્ષી તેલથી ફૂલો વડે સ્નાન કરાવ્યું. હું એક શ્રીફળ લાવી અને તેમને હાર પહેરાવ્યો અને આરતી ઉતારી. "તમે કોઈ તક જવાદો નહીં, ખરૂંને?" તેમણે મને પૂછ્યું. "હા, સ્વામી હું ફરીથી આવી તક ક્યારે મેળવીશ?".

**(લેખિકા વ્યવસાયે સ્ત્રીરોગના એક નિષ્ણાંત ડોકટર અને પાંચ કરતા વધારે દાયકાઓથી સ્વામીના ભક્ત હતા.)**



# પ્રશાંતિ નિલયમ્ ખાતેની ઉજવણી

## એડવાન્સ્ડ કાર્ડીયાક લાઇફ સપોર્ટ એમ્બ્યુલન્સનું ઉદ્ઘાટન

### અહેવાલ

ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના આશીર્વાદથી તાઃ૧૪ ઓકટોબર ૨૦૨૧ ના રોજ ''એડવાન્સ્ડ કાર્ડીયાક લાઈફ સપોર્ટ એમબ્યુલન્સ'ની ઉદઘાટન વિધિ સંપન્ન થઈ. આ વિધિ શ્રી આર.જે.રત્નાકર (શ્રી સત્ય સાઈ સેન્ટ્રીલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી) ડો.ગુરૂમૂર્તિ (શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર મેડીકલ સાયન્સ પ્રશાંતિગ્રામના ડાયરેક્ટર) અને ડો.નરસિંમ્હા (જનરલ હોસ્પિટલના ડાયરેકટર) ની નોંધપાત્ર ઉપસ્થિતિમાં થઈ.

''ધ એડવાન્સ કાર્ડીયાક લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સ રાજ્યની કલાત્મક એમ્બ્યુલન્સ છે જે શ્રી સત્યસાઈ સેન્ટ્રલ ટ્રસ્ટની માલિકિની છે. તે સંપૂર્ણ વાતાનુકુલિત છે. હૃદયની બિમારીની તીવ્રતા ધરાવતા દર્દીઓને એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલમાં ઝડપથી લઈ જવા કાર્ડીયાક કેર યુનિટ તેનો ઉપયોગ કરે છે. નેશનલ એમ્બ્યુલન્સ કોડ નિર્દેશિત, રોડ એમ્બ્યુલન્સ માટે જે પ્રકારની આવશ્યક અને કાર્યક્ષમતા યુક્ત સાધનોની જરૂર છે તે સુસંગત જ બધી લાઈફ સપોર્ટ સાધનોની વ્યવસ્થાથી આ સુસજ્જ છે. ઈલેક્ટ્રોનિક બ્રેક ફોર્સ ડીસ્ટ્રીબ્યુશન (EBD) સાથે એન્ટી લોક બ્રેકીંગ સિસ્ટમ આની અંદર ઈનબિલ્ટ છે જેથી કટોકટીના સમયે પણ ઝડપથી ગાડી દોડાવવી પડે તોયે સુરક્ષિતતા બની રહે. આ એમ્બ્યુલન્સમાં જીવન બચાવવા માટેના જરૂરી સાધનો છે જેવાકે, ડેફીબ્રીલેટર વીથ રીધમ અને દર્દીનું ડેટા રેકોર્ડીંગ, કાર્ડિયાક મોનિટર, એક બાહ્ય કાર્ડિયાક પેસિંગ યુનિટ, પોર્ટેબલ એરવેઝ કેર સિસ્ટમ (P.A.C.S.), મેન્યુઅલ રિસુસિટેટર, સક્શન કેથેટર અને પોર્ટેબલ એડવાન્સ રિસુસિટેશન સિસ્ટમ (P.A.R.S.). તે ઇન્ફ્યુઝન એડમિનિસ્ટ્રેશન પંપ અને એસેસરીઝ, ઇન્ટ્યુબેશન સાધનો, નેબ્યુલાઇઝેશન ઉપકરણ, સ્ટેથોસ્કોપ અને ડ્રગ એડમિનિસ્ટ્રેશન સાધનોથી પણ સજ્જ છે.

આ ઉપરાંત, એમ્બ્યુલન્સ-ફિક્સ સિલિન્ડરોથી ઓક્સિજન સપ્લાયની સુવિધાથી સજ્જ છે (૨ નંગ-૭ CUM દરેક) કે જે માનીલો કે પ્રતિ મિનિટ ૧૦ લીટર ઓક્સીજન સપ્લાય કરે તોયે લગભગ ૨૪ કલાક સુધી સિલિન્ડર ચાલી શકે છે. અને તેમ છતાયે એક વધારાનો 1.4 CUM ક્ષમતાનો B-ટાઈપના પોર્ટેબલ ઓક્સીજન સિલિન્ડરની સગવડ રાખેલ છે. ત્યાં બિલ્ટ-ઇન કેબિનેટ્સ છે જેનો ઉપયોગ પરિવહન દરમિયાન તમામ આવશ્યક દવાઓ રાખવા માટે થઈ શકે છે, અને જો જરૂરી હોય તો IV પ્રવાહીનું સંચાલન કરવા માટે બેડ સાઇડ IV લાઇન સ્ટેન્ડ ઉપલબ્ધ છે.

તમામ લોકોને વિનામૂલ્યે વિશ્વ કક્ષાની તબીબી સુવિધાઓ પૂરી પાડવાના ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના વિઝનને અનુરૂપ, SSSCT એ વિજયા દશમીના પવિત્ર અવસર પર તેના તબીબી એકમો દ્વારા આ વાહનનું ઉદ્ઘાટન કરી ઉપયોગ માટે સમર્પિત કર્યું.

**શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર લર્નીંગ-પ્રશાંતી ગ્રામ ખાતે ઓક્સીજન જનરેશન પ્લાન્ટનું ઉદઘાટન.**

ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના આશીર્વાદથી, ૧૫મી ઓક્ટોબર ૨૦૨૧ના રોજ શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હાયર મેડિકલ સાયન્સ, પ્રશાંતિગ્રામ ખાતે નવા ઓક્સિજન જનરેશન પ્લાન્ટનું ઉદ્ઘાટન SSSCT ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી આર.જે. રત્નાકર SSSIHMS, પ્રશાંતિગ્રામના

ડાયરેક્ટર ડૉ. ગુરુમૂર્તિ અને હોસ્પિટલના અન્ય વરિષ્ઠ સ્ટાફ સભ્યોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. કોવિડ-૧૯ની સંભવિત ત્રીજી લહેરના કિસ્સામાં કોવિડ દર્દીઓની ઓક્સિજનની જરૂરિયાતોને પહોંચી વળવા માટે SSSIHMSના કોવિડ-૧૯ ટ્રીટમેન્ટ સેન્ટર ખાતે આ પ્લાન્ટની સ્થાપના રૂા.૯૦ લાખના ખર્ચે કરવામાં આવી છે. કોવિડ-૧૯ કેસની ગેરહાજરીમાં, પ્લાન્ટમાંથી ઉત્પન્ન થયેલ ઓક્સિજનનો ઉપયોગ SSSIHMS, પ્રશાંતિગ્રામમાં નિયમિત દર્દીઓની જરૂરિયાત પૂરી કરવા માટે કરવામાં આવશે..

**<u>અવતાર ઘોષણા દિવસ/ અવતાર ડીક્લેરેશન ડે.</u>**

૨૦મી ઑક્ટોબર ૨૦૨૧ના રોજ પ્રશાન્તિ નિલયમ ખાતે ભક્તિ અને સમર્પણ સાથે અવતાર ઘોષણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ મહત્વપૂર્ણ અવસર પર, શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હાયર લર્નિંગ, અનંતપુર કેમ્પસના ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ ભગવાન પ્રત્યેના તેમના પ્રેમ અને કૃતજ્ઞતાની ભેટ તરીકે એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ "દૈવી પ્રેમ" “Divine Love” રજૂ કર્યો. કાર્યક્રમની શરૂઆત સાંજે ૫.૦૦ વાગ્યે થઈ. જેમાં એક ટૂંકી દસ્તાવેજી ફીલ્મ પ્રેમાવતાર, ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના આગમનને દર્શાવવામાં આવ્યું. જેમાં ૨૦મી ઓક્ટોબર ૧૯૪૦ના દિવસે તેમના અવતારની જાહેરાત કરવામાં આવી હતી. ભગવાનની જીવનકથાની એક ટુંકી ડોક્યુમેન્ટ્રી કે જેમાં કેવી રીતે ભગવાને મનુષ્યને પ્રેમનો માર્ગ બતાવવા માટે સમગ્ર માનવજાત પર કોઈ અવરોધ વિના તેમનો ઉદાર દૈવી પ્રેમ વરસાવ્યો, તે બતાવવામાં આવી. આ પછી એક વિશેષ સંગીત કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભગવાનને સમર્પિત ભક્તિ ગીતોમાં તેમનું હૃદય ઠાલવ્યું હતું, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કેટલાક ગીતો રજૂ કરવામાં આવ્યા. “સાઈ તેરી યાદ મહા સુખદાઈ”, “કરુણામય વંદે સાઈ રૂપ”. આ ખૂબ જ હૃદયસ્પર્શી ગીતો પછી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પસંદગીના સાઈ ભજનોનો એક મેડલી રજૂ કર્યો જેણે સમગ્ર વાતાવરણને ઊંડા ભક્તિ ઉત્સાહથી ભરી દીધું.

ત્યાર બાદ ભગવાનનું દિવ્ય પ્રવચન સંભળાવવામાં આવ્યું, જેમાં તેમણે જણાવ્યું કે અવતાર માનવજાતને પ્રેમના સિદ્ધાંત શીખવવા પૃથ્વી પર અવતરે છે. ભક્તોને તેમના દૈવત્વને ઓળખવા અને પ્રેમ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરતા, ભગવાને કહ્યું કે પ્રેમ વિનાનો માણસ એક જીવંત શબ સમાન છે. ભગવાને તેમના પ્રવચનને ભજન, “માનસ ભજરે ગુરુ ચરણમ” સાથે પૂર્ણ કર્યું. ત્યાર પછીના ભજનોનું નેતૃત્વ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. ભજનો પછી, ભગવાનને આરતી અર્પણ કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

**<u>ગ્લોબલ અખંડ ભજન.</u>**

ભગવાનનો મહિમા ગાવો એ માણસના આધ્યાત્મિક ઉત્થાનનું સૌથી શક્તિશાળી માધ્યમ છે. તેથી જ વિશ્વના ઘણા ભાગોમાં તમામ ધર્મો, રાષ્ટ્રો, જાતિઓ અને સંપ્રદાયોના લોકો ભક્તિ ગીતો ગાય છે અને આ શક્તિશાળી આધ્યાત્મિક પ્રથાને વળગી રહે છે. કલિયુગના અવતાર, ભગવાન શ્રી સત્ય સાઈ બાબાએ પોતે ભજનો ગાયા અને શીખવ્યા અને તેમના ભક્તોને ભજન ગાવા અને વિશ્વના તમામ ભાગોમાં ભજન સત્રોનું આયોજન કરવા માટે પ્રોત્સાહિત કર્યા. ૧૯૭૮ માં ભગવાન દ્વારા શરૂ કરાયેલ ગ્લોબલ (વૈશ્વિક) અખંડ ભજન એ એક અદભૂત આધ્યાત્મિક પ્રથા છે જેમાં વિશ્વભરના તમામ રાષ્ટ્રોના સાઈ ભક્તો એકતાપૂર્વક ૨૪ કલાક અવિરતપણે ભગવાનનો મહિમા ગાય છે.

પ્રશાન્તિ નિલયમ ખાતે, વૈશ્વિક (ગ્લોબલ) અખંડ ભજનનું વિશેષ મહત્વ છે કારણ કે આ પવિત્ર સ્થાન ભગવાન દ્વારા પોતે શરૂ કરાયેલ આ સાર્વત્રિક આધ્યાત્મિક પ્રથાનું મુખ્ય કેન્દ્ર છે. આ

વર્ષે, પ્રશાન્તિ નિલયમ ખાતે વૈશ્વિક (ગ્લોબલ) અખંડ ભજનનું તાઃ૧૩ અને ૧૪ નવેમ્બર ૨૦૨૧ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર રીતે શણગારેલા સાઈ કુલવંત હોલમાં આયોજિત આ અખંડ ભજન સાંજે ૬.૦૦ વાગ્યે શરૂ થયું હતું. ૧૩મી નવેમ્બર ૨૦૨૧ના રોજ, પ્રશાન્તિ મંદિર ભજન ગ્રુપના ગાયકો અને શ્રી સત્ય સાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હાયર લર્નિંગના અનંતપુર કેમ્પસના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક સ્પંદનોથી સમગ્ર વાતાવરણને દિવ્ય બનાવ્યું હતું. પ્રશાન્તિ મંદિર ભજન ગ્રૂપના ગાયકો અને અનંતપુર કેમ્પસના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપરાંત, અખંડ ભજન દરમિયાન વિવિધ સ્લોટ પર પ્રશાન્તિ નિલયમ ખાતે તમિલનાડુ સેવા દળ ગૃપ, હોસ્પિટલ સ્ટાફ અને આશ્રમના કર્મચારીઓ દ્વારા ભજનો લીડ કરવામાં આવ્યા હતાં. વૈશ્વિક અખંડ ભજનના ભાગ રૂપે, પ્રશાંતિ નિલયમ ખાતેના શ્રી સત્ય સાઈ મીડીયા સેન્ટરે ભારત અને અન્ય દેશોના વિવિધ સાઈ કેન્દ્રો દ્વારા ગાયેલા ભજનોનું લાઈવ સ્ટ્રીમિંગનું આયોજન કર્યું હતું. ૧૩મી નવેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજે ૬ કલાકે અખંડ ભજન જે શરૂ થયું હતું તેની પૂર્ણાહુતિ, તાઃ૧૪ નવેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજે ૬ કલાકે, ભગવાનના સુમધુર કંઠે ગવાયેલ બે ભજનો -"હે ગિરિધર ગોપાલા " અને "સુબ્રમ્ણયમ્ સુબ્રમ્ણયમ્" થી થઈ હતી. આરતી બાદ, કુલવંત હૉલમાં ભેગા થયેલા દરેક ભક્તજનોને સ્વીટ રાઈસ અને ટેમરીંડ (આમલી) રાઈસનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

# બાબાની પરિવર્તન કરવાની રીત

**પ્રશાન્તિ નિલયમનું મંદિર એ એવું સ્થળ છે જ્યાં વાસ્તવિક પરિવર્તન થાય છે, મૂલ્યોનો સ્વીકાર થાય છે અને વ્યક્તિઓ સદ્‌માર્ગે જાય છે. ભગવાનની વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ અનન્ય છે, તેમના કલ્યાણ માટેની ભગવાનની નિસબત અસાધારણ છે. બાબા જિંદગીના સૂક્ષ્મ સત્યો વિદ્યાર્થીઓને અનેક રીતે શીખવે છે, કાં તો શબ્દો અથવા મૌન દ્વારા, પરોક્ષ યા અપરોક્ષ રીતે ! કાં તો ખૂબ કાળજી રાખીને, અથવા ઉપેક્ષા સેવીને.**

**એક વિદ્યાર્થી ભગવાનની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. તે મસ્તીખોર હતો. એકવાર સ્વામીએ તે વિદ્યાર્થી અને તેના માતા-પિતાને ઈન્ટરવ્યુ આપો. સ્વામીએ તેના માતાપિતાની હાજરીમાં તેની ખૂબ પ્રશંસા કરી, તે ખૂબ શિસ્તપ્રેમી છે, હોંશિયાર છે વિગેરે. તે વિદ્યાર્થી લાચારીથી સ્વામી સામે જોઈ રહ્યો કારણ કે સત્ય શું છે તે જાણતો હતો. બીજે દિવસે દર્શનની લાઇનમાં, તે વિદ્યાર્થીએ સ્વામીને પૂછ્યું, ‘સ્વામી, આપે મારા માતાપિતાને લઇકાલે કહ્યું તે સાચું ન હતું, તેમ છતાં આપે શા માટે આ પ્રમાણે કહ્યું ?’ ભગવાન બોલ્યા, ‘મારા પ્યારા બાળક, તેં કશું નથી કર્યું, પણ હું શું ઈચ્છું છું તે જણાવ્યું, તે એ પ્રમાણે બની શકે છે.’ તે વિદ્યાર્થી પર આની જબરદસ્ત અસર થઇ, તે બદલાઇ ગયો.**

**બીજો એવો એક વિદ્યાર્થી કે જે ખૂબ જ તોફાની હતો, સાઇ વિદ્યાર્થી કહેવાને બિલકુલ લાયક ન હતો, વોર્ડને તેને સુધારવા અનેક પ્રયત્ન કર્યા પણ પરિણામ નિષ્ફળ. એકવાર ભગવાને વૃંદાવન, બેંગ્લોરમાં તે વિદ્યાર્થીને સહજ ભાવે કહ્યું, ‘તું જો તારો પૂર્વ જન્મ વિશે જાણે તો તારું વર્તન અત્યારે છે તેવું ન રહે.’ આ સાંભળીને વિદ્યાર્થી મુંઝાઇ ગયો, તે પૂર્વજન્મમાં શું હતો તે જાણવાની તેની જિજ્ઞાસા પ્રબળ બની. બીજે દિવસે, દર્શન સમયે, તેણે સ્વામીને પ્રાર્થના પૂર્વક વિનંતી કરી, સ્વામી, હું પૂર્વજન્મમાં શું હતો તે મને કૃપા કરીને કહો. સ્વામીએ કહ્યું, ‘તને હું જણાવું ? તું એક પર્વત પર એકાંતમાં એકાગ્રતાથી મને પામવા માટે ધ્યાન કરતો હતો. તારા તે પ્રયત્નો અને ઝંખનાને કારણે તું અહીં આવ્યો છે. તને આ એક સુંદર તક મળી છે, તે વેડફી નાખષ છે.’ સમય ન બગાડ. આ તકનો પૂરેપૂરો લાભ લે. કહેવાની જરૂર નથી કે વિદ્યાર્થીને પ્રશ્ચાતાપ થયો, પરિવર્તન થયું.**



# YSR લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ

ભગવાન શ્રી સત્ય સાઇ બાબા દ્વારા સ્થપાયેલ, શ્રી સત્ય સાઇ સેન્ટ્રલ ટ્રસ્ટ પાછલા ઘણા દાયકાઓથી, માનવતાના કલ્યાણઅર્થે સમાજસેવાની અવર્ણનીય વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. આંધ્રપ્રદેશ સરકાર દ્વારા, આ સેવાઓની કદર અને સ્વીકૃતિ અર્થે YSR લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડ, ટ્રસ્ટને અર્પણ કરી ગૌરવાન્વિત કર્યું.

આંધ્રપ્રદેશ રાજ્યના વર્ધાપન દિન નિમિત્તે તા. ૧ નવેમ્બર ૨૦૨૧ ના રોજ વિજયવાડા ખાતે યોજાયેલ રાજ્યસ્તરીય કાર્યક્રમમાં, આંધ્રપ્રદેશના ગવર્નર શ્રી બિશ્વભુષણ હરિચંદન અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વાય. એસ. જગન મોહન રેડ્ડીની ઉપસ્થિતિમાં, શ્રી સત્ય સાઇ સેન્ટ્રલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી આર. જે. રત્નાકરે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

શ્રી સત્ય સાઇ સેન્ટ્રલ ટ્રસ્ટ, તેના સમગ્ર કર્મચારીગણ વતી, સેવાદળના બધા સભ્યો વતી, સંગઠનના સૌ સભાસદો વતી અને ભક્તો વતી આ એવોર્ડ ભગવાન શ્રી સત્ય સાઇ બાબાના ચરણ કમળોમાં અર્પણ કરે છે. આ પ્રસંગે સંબોધન કરતા શ્રી રત્નાકરે જણાવ્યું, 'આ એવોર્ડ માટે સંગઠનના એકે એક સભાસદ હકદાર છે. ''એમના'' ડિવાઇન મિશનમાં જે કાંઇ અલ્પ પ્રમાણમાં પણ કેમ ન હોય પણ ભાગ ભજવવાની તક મળી, એ માટે આપણે સાચેજ સદ્‌ભાગી છીએ.'

Publication Date : 20/12/2021

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

# સનાતન સારથિ

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Place of Posting - Vadodara (H.O.)



હું જે સંકલ્પ કરું-તે થઈને જ રહેવું જોઈએ. હું જે આયોજન કરું, તે સફળ થવું જ જોઈએ. હું સત્ય છું અને સત્યએ ક્યારેય ડરવાની કે નમી જવાની કે અચકાવાની જરૂર નથી. ઈચ્છા કરવી એ મારે માટે સહજ છે કારણ મારી કૃપા મારા ભક્તો-કે જે મને ચાહે છે અને મારામાં દ્રઢ શ્રદ્ધા ધરાવે છે-તેને મારી કૃપા હરહંમેશ મળતી જ રહે છે. હું તેમની વચ્ચે મુક્ત રીતે હરું-ફરું છું. તેમની સાથે વાતો કરતો રહું છું ગાઉં છું તેથી તેઓ અને અન્ય બુદ્ધિજીવીઓ પણ મારા સત્યને/મને પિછાણી શકતા નથી. અવતાર તરીકે મારા ચોક્કસ ધ્યેય કાર્યો છે. હું કોઈપણ પ્રશ્ન (પ્રોબ્લેમ) ભલેને ગમે તેટલો ગૂંચવાડાભર્યો હોય-તે હું સુલઝાવી શકું છું. ગમે તેટલી સઘન હકીકતોથી કેમ ન હોય કે ગમે તેટલા અઘરામાં અઘરા કોયડાઓ કેમ ન હોય-હું તે બધાની પહોંચની બહાર છું. માત્ર, જેમણે મારા પ્રેમને ઓળખ્યો છે અને મારા પ્રેમનો અનુભવ કર્યો છે તેઓ જ મારી વાસ્તવિકતાની આંશિક ઝલક મેળવી શકે છે કારણ પ્રેમનો માર્ગ એ જ માનવજાતિને મારા સુધી દોરી લાવતો રાજમાર્ગ છે.

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. વોરીયર
"સાઈ આશિષ" એ-૫, ઈમેરાલ્ડ કોલોની,
સાઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૪૬ ૧૯૯૫૩

**મુદ્રક : [illegible]**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.